**આજનો સુવિચાર**

**જે લોકોને તમે મદદ કરો છો તે લોકોજ તમારી સફળતાની સીડી બની જાય છે**

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૧૧ જૂનાગઢ તા.૧૯-૮-૨૦૨૧ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


## જમ્મુ-કાશમીરમાં ૩.૬ની તિવ્રતાનો ભુકંપ

જમ્મુ તા. ૧૯

જમ્મુ-કાશ્મીરના કટરામાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૩.૬ માપવામાં આવી હતી. આ આંચકા આજે સવારે ૫.૦૮ વાગ્યે અનુભવાયા હતા. અત્યારે પ્રાપ્ત માહિતી અનુસાર, ભૂકંપને કારણે રાજયમાં કોઈપણ પ્રકારના નુક્સાનના સમાચાર મળ્યા નથી. ઓગસ્ટ મહિનામાં જમ્મુ - કાશ્મીરમાં બે વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે.

## વિશેષ ટ્રેનોમાં ટ્રેન ઉપડતા પહેલા કરંટ રીઝર્વેશન કરાવી શકાશે

નવી દિલ્હી, તા.૧૯: સ્પેશિયલ ટ્રેનોમાં રિઝર્વેશન ચાર્ટ બન્યા બાદ ટ્રેન ઉપડવાના ચાર કલાક પહેલાં ટ્રેનમાં જો સીટ ખાલી હશે તો મુસાફરો ઓનલાઈન અને કરંટ રિઝર્વેશન કાઉન્ટર પરથી ટિકિટ બુક કરાવી શકશે. જેમાં મુસાફરોને ટિકિટ ભાડામાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવશે.

રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ અમદાવાદ, મણિનગર, સાબરમતી, ચાંદલોડિયા સ્ટેશન ઉપર કરંટ રિઝર્વેશન કાઉન્ટર ઉપરથી ટિકિટ બુક કરી શકાશે. ટ્રેન ઉપડ્યાના અડધા કલાક પહેલાં ટિકિટ બુક કરાવવાની રહેશે. સ્પેશિયલ રિઝર્વેશનવાળી ટ્રેનોમાં સીટ ખાલી રહી જતી હતી તેને ભરવા માટે હવે રિઝર્વેશન કાઉન્ટર પરથી મુસાફરોને ટિકિટ ઉપલબ્ધ કરાવાશે. અમદાવાદ રેલવે સ્ટેશન ઉપરથી હાલમાં ૭૫ જેટલી સ્પેશિયલ ટ્રેનો પસાર થઈ રહી છે. સંપૂર્ણ રિઝર્વેશનવાળી આ ટ્રેનોમાં તા.૧ ઓગષ્ટથી ૧૬ ઓગષ્ટ સુધીમાં ૮,૫૨૬ મુસાફરોએ કરંટ રિઝર્વેશન કાઉન્ટરના ઉપયોગ થકી ટિકિટ બુક કરાવી મુસાફરીનો લાભ લીધો છે.

## લોકરને નુકશાન થશે તો વાર્ષિક ભાડાની ૧૦૦ ગણી રકમનું વળતર મળશે

મુંબઈ,તા.૧૯: રિઝર્વ બેંકે બેંકમાં લોકર રાખવા માટેની ગાઈડલાઈનમાં સુધારો કર્યો છે. હવે બેંકમાં આગ, ચોરી, બિલ્ડિંગ ધ્વસ્ત થઈ જવું, કે બેંક કર્મચારી દ્વારા ફ્રોડ જેવા કિસ્સામાં લોકરના વાર્ષિક ભાડાંના ૧૦૦ ગણી રકમની બેંકની જવાબદારી રહેશે. નવા લોકર ખાતા સાથે ટર્મ ડિપોઝીટ લેવાની બેંકોને મંજૂરી આપવામાં આવી છે. નવા નિયમો ૧ જાન્યુઆરી, ૨૦૨૨થી અમલી બનશે. નવા અને હાલના સેઈફ ડિપોઝીટ લોકર બન્ને માટે આ નિયમ લાગુ પડશે. રીઝર્વ બેંકે જાહેર કરેલી નવી ગાઈડલાઈન મુજબ બેંક દ્વારા લોકર એગ્રીમેન્ટમાં એક કલમ ઉમેરવામાં આવશે જે મુજબ લોકરમાં કોઈપણ ગેરકાયદેસર કે હાનિકારક વસ્તુ રાખી શકાશે નહીં. આવી વસ્તુઓ રાખવા માટે બેંક લોકરનો ઉપયોગ થઈ રહ્યો હોવાનું ધ્યાનમાં આવતા આરબીઆઈએ આ નવી જોગવાઈ ઉમેરી છે.

# તાલીબાને લખણ ઝળકાવ્યા : ભારત સાથેની આયાત-નિકાસ બંધ કરી દીધી

કાબુલ તા. ૧૯ : અફઘાનિસ્તાન ઉપર તાલિબાન શાસનની સ્થાપના પછી, ત્યાંની નીતિ ખૂબ જ ઝડપથી બદલાઈ રહી છે.

ભારત હજુ પણ તાલિબાનને લગતી પોતાની વિદેશ નીતિને લઈને મૂંઝવણમાં છે, પરંતુ તાલિબાનનો દષ્ટિકોણ ખૂબ જ સ્પષ્ટ થઈ ગયો છે. તાલિબાને ભારત સાથેની તમામ આયાત - નિકાસ ઉપર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે.

ફેડરેશન ઓફ ઈન્ડિયન એકસપોર્ટ ઓર્ગેનાઈઝેશનના ડાયરેકટર જનરલ ડો. અજય સહાયે મીડિયાને જણાવ્યું કે તાલિબાનોએ કાર્ગોની અવર જવર બંધ કરી દીધી છે. આ વેપાર પાકિસ્તાનના પરિવહન માર્ગ દ્વારા કરવામાં આવતો હતો.

ટ્રાન્ઝિટ રૂટ મૂવમેન્ટ ઉપર પ્રતિબંધને કારણે, અફઘાનિસ્તાનથી આયાત-નિકાસ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અજય સહાયે જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનથી આયાત પાકિસ્તાનના પરિવહન માર્ગ દ્વારા થતી હતી. અત્યારે તાલિબાનોએ પાકિસ્તાનમાં કાર્ગોની અવર જવર ઉપર પ્રતિબંધ મૂકયો છે. અમે જોઈ રહ્યા છીએ કે તાલિબાન શાસકો કેવા નિર્ણયો લઈ રહ્યા છે.

અફઘાનિસ્તાન ભારતનો ખૂબ નજીકનો મિત્ર રહ્યો છે. બંને દેશો વચ્ચે ઘેરા વેપાર સંબંધો પણ છે. ભારતે ત્યાં હજારો કરોડનું રોકાણ પણ કર્યું છે, પરંતુ તાલિબાનના કબ્જા બાદ પરિસ્થિતિ નાજુક છે. તાજેતરમાં, જયારે નાણામંત્રી નિર્મલા સીતારમણને આ સંદર્ભે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે માત્ર એટલું જ કહ્યું કે આ બાબતે કંઈ પણ કહેવું વહેલું ગણાશે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના વેપાર સંબંધોની વાત કરીએ તો, ૨૦૨૧માં અત્યાર સુધી ભારતે અફઘાનિસ્તાનને ૮૩૫ મિલિયન ડોલરની નિકાસ કરી છે. આ સમયગાળા દરમ્યાન ભારતે અફઘાનિસ્તાનથી ૫૧૦ મિલિયન ડોલરની આયાત પણ કરી છે. સહાયે કહ્યું કે વેપાર સિવાય ભારતે ૩ અબજ ડોલર એટલે કે લગભગ ૨૨ હજાર કરોડ રૂપિયાનું વિશાળ રોકાણ કર્યું છે. અફઘાનિસ્તાનમાં આવા લગભગ ૪૦૦ પ્રોજેકટ છે, જયાં ભારતનું રોકાણ કરવામાં આવ્યું છે.

## અમેરીકા - આઈએમએફએ તાલીબાનનો નાણાંકીય પ્રવાહ અટકાવ્યો

નવી દિલ્હી તા. ૧૯

બંદૂક અને હિંસાના જોરે અફઘાનિસ્તાન ઉપર કબ્જો જમાવીને ખુશખુશાલ દેખાતા તાલિબાનને હવે ઝટકા લાગવાના શરૂ થઈ ગયા છે. ભલે ૨૦ વર્ષ પછી અફઘાનિસ્તાનમાં તાલિબાન પાછા સત્તા ઉપર આવ્યા હોય પણ હાલમાં તો તે કંગાળ જ રહેવાના છે. અમેરિકા દ્વારા ૭૦૬ અબજ રૂપિયાની સંપત્તિ ફ્રીઝ કરાયા પછી આતંકવાદી સંગઠન તાલિબાનને વધુ એક ઝટકો લાગ્યો છે. આઈએમએફ એટલે કે આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે અફઘાનિસ્તાનને પોતાના સંસાધનોના ઉપયોગ ઉપર રોક લગાવી દીધી છે.

અફઘાનિસ્તાનમાં તાલિબાનો સત્તા ઉપર આવતા જ તેના ઉપર પ્રતિબંધો લાગવાના શરૂ થઈ ગયા છે. આઈએમએફએ કહ્યું કે, તાલિબાનના કબ્જાવાળુ અફઘાનિસ્તાન હવે આઈએમએફના સંસાધનોનો ઉપયોગ નહીં કરી શકે અને ના તો તેને કોઈ પ્રકારની નવી મદદ મળશે. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળે ૪૬૦ મીલીયન અમેરિકન ડોલર (૩૪૧૬.૪૩ કરોડ રૂપિયા)ની આપાતકાલીન રીઝર્વ ઉપર અફઘાનિસ્તાનની પહોંચને બ્લોક કરવાની જાહેરાત કરી છે. કેમકે દેશ ઉપર તાલિબાનની સત્તાએ અફઘાનિસ્તાનના ભવિષ્ય માટે અનિશ્ચિતતાઓ ઉભી કરી છે.

## વડાપ્રધાન મોદીએ ફ્રી ગેસ કનેકશન યોજના લોન્ચ કરી : એક સપ્તાહમાં ૬૦ લાખ અરજી મળી

નવી દિલ્હી તા. ૧૯

વડાપ્રધાન મોદીએ ઉજ્જવલા યોજના ૨.૦ લોન્ચ કરી. ૧૦ ઓગસ્ટના રોજ આ યોજના લોન્ચ કરવામાં આવી હતી, એક અઠવાડીયાની અંદર ૬૦ લાખ નવા ગેસ કનેક્શનો માટે અરજીઓ પ્રાપ્ત થઈ છે. જ્યારે આ યોજના પહેલીવાર ૨૦૧૬ માં શરૂ કરવામાં આવી હતી, ત્યારે વડાપ્રધાને કહ્યું હતું કે ગરીબ માતાઓ અને બહેનોને હવે ધુમાડાથી મુક્તિ મળશે. ૬ વર્ષ વીતી ગયા હોવા છતાં, પીએમ મોદી જાણે છે કે હજુ પણ કરોડો ગરીબ પરિવારો ગેસ સિલિન્ડરની સુવિધાથી વંચિત છે.

આ જ કારણ છે કે ૧ ફેબ્રુઆરી ૨૦૨૧ ના બજેટમાં સરકારે જાહેરાત કરી હતી કે ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૧-૨૨)માં ૧ કરોડ નવા મફત ગેસ કનેક્શન ઉજ્જવલા ૨.૦ યોજના હેઠળ વહેંચવામાં આવશે. ઉજ્જવલા યોજનાના બીજા તબક્કા અંતર્ગત પ્રવાસી મજૂરોને નવા ગેસ જોડાણ માટે રેશનકાર્ડ કે સરનામાના પુરાવાની જરૂર રહેશે નહીં. આ એક કરોડ વધારાના ગેસ કનેક્શનોનો ઉદ્દેશ્ય (ઉજ્જવલા ૨.૦ હેઠળ) ઓછી આવક ધરાવતા પરિવારોને થાપણ-મુક્ત LPG કનેકશન આપવાનો છે જે PMUY ના પ્રથમ તબક્કા હેઠળ આવરી શકાયા નથી.

## અમેરીકા, રશિયા, બ્રાઝીલમાં કોરોના વકર્યો : એક દિવસમાં ૨૯૦૦નાં મોત

નવી દિલ્હી,તા. ૧૯

કોરોનાને કારણે એક દિવસમાં અમેરિકામાં ૧૦૧૭, બ્રાઝિલમાં ૧૧૦૬ અને રશિયામાં ૭૯૯ લોકોના મોત થયા છે. મધ્ય એપ્રિલથી આ સંખ્યા સૌથી વધુ છે. બાયડન સરકારે સ્વીકાર્યું છે કે સંક્રમણની ગતિ વધી છે. આ જ કારણ છે કે હવે ઘણી જગ્યાએ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. એરપોર્ટ, વિમાન, ટ્રેન અને બસોમાં માસ્ક ફરજિયાત કરવામાં આવ્યા છે. અહીં ટેકસાસના ગવર્નર ગ્રેગ એબોટ કોરોના સંક્રમિત થયા છે.

અમેરીકામાં રસીકરણની ઝડપ ઓછી હોય તેવા સ્થળોએ કોરોનાનું ડેલ્ટા વેરિએન્ટ વધુ ઘાતક બની રહ્યું છે. અગાઉના મહિનાઓમાં, યુ.એસ. માં સરેરાશ દૈનિક મૃત્યુની સંખ્યા ૭૬૯ હતી. જે હવે વધ્યો છે.

વિશ્વના અનેક દેશોમાં ડેલ્ટા વેરિયન્ટ કહેર વરસાવી રહ્યો છે. અમેરિકામાં ૪ માસ બાદ મરનારાની સંખ્યા ૧૦૦૦ ઉપર થઈ ગઈ છે.

# ગુજરાત સરકારનાં લવજેહાદ કાયદાની કેટલીક કલમો ઉપર હાઈકોર્ટનો મનાઈ હુકમ

### આંતરધર્મીય લગ્નનાં કિસ્સામાં માત્ર લગ્નનાં આધારે એફઆઈઆર નહી થઈ શકે તેમજ બળજબરીથી લગ્ન થયાનું પુરવાર કર્યા સિવાય પણ એફઆઈઆર થઈ શકશે નહી

અમદાવાદ તા. ૧૯

ગુજરાત સરકારનાં બહુચર્ચિત લવજેહાદ વિરોધી કાયદાની કેટલીક કલમો ઉપર ગુજરાત હાઈકોર્ટે સ્ટે મુકી દીધો છે. ગુજરાત હાઈકોર્ટમાં રાજય સરકાર દ્વારા તાજેતરમા લાવવામાં આવેલા લવજેહાદ વિરોધી કાયદાને પડકારવામાં આવ્યો હતો જેના ઉપર સુનાવણી પુર્ણ થયા બાદ નામદાર હાઈકોર્ટે લવજેહાદ કાયદાની કલમોમાં થયેલા સુધારાની અમલવારી ઉપર મનાઈ હુકમ મુકી દીધો છે.

નામદાર હાઈકોર્ટે લવજેહાદ કાયદાની કલમ-૩,૪,૫,૬માં લગ્નની બાબાતે સુધારા ઉપર સ્ટે મુકયો છે. હાઈકોર્ટે એવું અવલોકન કર્યુ છે કે, આંતરધર્મિય લગ્નનાં કિસ્સામાં માત્ર લગ્નનાં આધારે એફઆઈઆર થઈ શકશે નહી. તેટલું જ નહી બળજબરીથી લગ્ન થયાનું પુરવાર કર્યા સિવાય એફઆઈઆર થઈ શકશે નહી આમ ગુજરાત સરકારે લવજેહાદ કાયદામાં કરેલા સંશોધન ઉપર હાઈકોર્ટે સ્ટે મુકી દીધો છે.

## આયુષ્યમાન ભારત યોજના હેઠળ ગરીબોને સારવાર માટે રૂા. ૨૫૦૦૦ કરોડનો લાભ મળ્યો

નવી દિલ્હી, તા.૧૯

મોદી સરકારે આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ૨ કરોડ લોકોની સારવાર પૂર્ણ કરવાની સિધ્ધિ હાંસલ કરી છે. આરોગ્ય મંત્રાલયનો દાવો છે કે ગરીબ લોકોને આ યોજનાથી અત્યાર સુધીમાં ૨૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનો ફાયદો થયો છે. દેશના આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આ યોજના હેઠળ ૨ કરોડ લોકોની સારવાર પૂર્ણ કરવાની સિધ્ધિ પ્રસંગે જણાવ્યું હતું કે આ એ જ લોકો છે જે ગરીબીને કારણે પોતાની સારવાર યોગ્ય રીતે કરાવી શકતા નથી.

હોસ્પિટલમાં દાખલ થઈને આ યોજના હેઠળ સારવાર મેળવનારા બે કરોડ લોકોમાં, ઘણા લોકો એવા હતા કે જેઓ એવા રોગોનો સામનો કરી રહ્યા હતા જેમાં તેમના જીવ પણ જઈ શકે તેમ હતા. આ યોજનાએ ઘણા લોકોને નવું જીવન આપવાનું કામ કર્યું છે.

# બંગાળ હિંસાની સીબીઆઈ તપાસનો કોલકત્તા હાઈકોર્ટનો આદેશ : મમતાની મુશ્કેલી વધી

કોલકતા તા. ૧૯

કોલકત્તા હાઈકોર્ટે પ.બંગાળમાં ચૂંટણી બાદની કથિત હિંસાની નિષ્પક્ષ તપાસની માંગ વાળી અરજી ઉપર આજે નિર્ણય સંભળાવ્યો છે. હાઈ કોર્ટે ચૂંટણી બાદની હિંસાની તપાસ સીબીઆઈ પાસે કરાવવાનું કહ્યું છે.

જો કે કોર્ટે પોતાના આદેશમાં કહ્યું છે કે ફકત હત્યા અને રેપના આરોપોની સીબીઆઈ તપાસ થશે. અન્ય તમામ આરોપોના મામાલામાં એસઆઈટી તપાસ કરશે. કોર્ટે કહ્યું કે પશ્ચિમ બંગાળના આઈપીએસ અધિકારીની આગેવાનીમાં એસઆઈટી ગઠિત થશે અને આ કોર્ટના ઓબ્જર્વેશન હેઠળ તપાસ કરશે. કોર્ટે કહ્યું કે આ મામલાની સુનવણી ૨૪ ઓક્ટોમ્બરે થશે.

કાર્યવાહક ચીફ જસ્ટિસ રાજેશ બિંદલ, જજ જસ્ટિસ આઈ પી મુખર્જી, જજ જસ્ટિસ હરીશ ટંડન, જજ જસ્ટિસ સૌમેન સેન અને જજ જસ્ટિસ સુબ્રત તાલુકદારની પીઠે આ મામલામાં નિર્ણય સંભળાવ્યો છે. આ પહેલા એનએચઆરસી અધ્યક્ષને ચૂંટણી બાદની હિંસા દરમ્યાન માનવાધિકારોના ઉલંઘનના આરોપોની તપાસ માટે એક તપાસ સમિતિ ગઠિત કરવાનો આદેશ આપ્યો હતો. પેનલે પોતાના રિપોર્ટમાં મમતા સરકારને ગુનેગાર ઠરાવી હતી અને રેપ તથા હત્યાના મામલાની તપાસ સીબીઆઈને સોંપવાની ભલામણ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે આ મામલાની સુનવણી રાજ્યની બહાર કરવી જોઈએ.

## કાબુલ એરપોર્ટ ઉપર ફાયરીંગ : દેશ છોડી રહેલા નાગરીકો ઉપર તાલીબાની આતંક

નવીદિલ્હી, તા.૧૯

અફઘાનિસ્તાન ઉપર કબજો કર્યા બાદ તાલીબાની લડાકુ ફરીથી ક્રૂરતા ઉપર ઉતરી આવ્યા છે. કાબૂલ ન્યુઝ અનુસાર દેશ છોડવા માટે કાબૂલ એરપોર્ટ ઉપર પહોંચી રહેલા લોકોને તાલીબાનીઓ અંદર જવા દેતા નથી અને જો અંદર જવા કોઈ પ્રયત્ન કરે તો તેના ઉપર અણીદાર હથિયારથી હુમલાઓ કરવામાં આવી રહ્યા છે તો બેફામ કોરડા વીંઝવામાં આવી રહ્યા છે. દરમ્યાન કાબૂલ એરપોર્ટ ઉપર ફરીથી ફાયરિંગ થયાનું જાણવા મળી રહ્યું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ ફાયરિંગ ટોળાંને કાબૂમાં કરવા માટે અમેરિકી સૈનિકોએ કર્યુ છે. ફાયરિંગમાં કોઈ જાનહાની થયાની માહિતી સામે આવી નથી. તાલીબાનીઓએ દેશ છોડવાના ઈરાદાથી એરપોર્ટ ઉપર આવનારી મહિલાઓ અને બાળકો ઉપર અણીદાર હથિયારથી હુમલા કર્યા હતા. તાલીબાનીઓએ એરપોર્ટ ઉપર ભીડને પરત મોકલવા માટે ફાયરિંગ પણ કર્યું હતું અને તેમાં અનેક ઘાયલ પણ થયા હતા.

આ પહેલાં તાલીબાનીઓએ અફઘાની સેનાના ચાર કમાન્ડરને કંધારના એક સ્ટેડિયમમાં લોકોની સામે જ મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ કમાન્ડરે તાલીબાન સામે સરન્ડર કર્યું હતું. તાલીબાન સમર્થકોએ કંધારમાં જ શાહ વલી કોટના પોલીસ અધિકારી પાચા ખાનને પણ મારી નાખ્યા છે. તાલીબાની સમર્થકોનું કહેવું હતું કે પાચા ખાન એક ખૂંખાર કમાન્ડર હતો જે તાલીબાન લડાકુઓના નખ કાઢી લેતો હતો. તાલીબાને તેને માફી માંગે તે પહેલાં જ મારી નાખ્યો છે.

## ખોટી આગાહી કરીને ગેરમાર્ગે દોરવા બદલ મધ્યપ્રદેશનાં ખેડૂતે ભારતીય હવામાન ખાતા વિરૂધ્ધ કોર્ટમાં જવાની ધમકી આપી

ભોપાલ,તા. ૧૯ : ખોટી આગાહી કરીને ગેરમાર્ગે દોરવા બદલ ભારતીય હવામાન ખાતા વિરૂધ્ધ કોર્ટમાં જવાની ધમકી આપી હતી. ખેડૂતોએ દાવો કર્યો હતો કે હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલી ખોટી આગાહીના પગલે તેઓ યોગ્ય સમયે પાકની વાવણી કરી શકયા નહી, અથવા તો પાકની વાવણી કર્યા બાદ આગાહી મુજબ વરસાદ ન પડયો જેના કારણે તેઓના પાક બળી ગયા છે.

જો કે ભારતીય હવામાન ખાતાના એક વૈજ્ઞાનિકે કહ્યું હતું કે ભારતીય હવામાન ખાતાએ ચોમાસા અંગે જે આગાહી કરી હતી તેની વિરૂધ્ધમાં હવામાનની આગાહી કરતી કોઈ ખાનગી એજન્સી દ્વારા વહેલુ ચોમાસુ શરૂ થવાની આગાહી કરવામાં આવી હતી જેના કારણે ખેડૂતો ગેરમાર્ગે દોરાયા હતા. તેમણે તો વળી ખેડૂતોનો દોષ કાઢતા એમ કહ્યું હતું કે ખેડૂતોએ પાકની વાવણી કરતા પહેલાં હવામાન અંગેની તમામ વિગતો અગાઉથી મેળવી લેવી જોઈએ

ભારત સરકારના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી મોટાભાગની આગાહી ખોટી પડી છે, જેના કારણે અમને ખૂબ મોટુ નુકસાન થયું છે તેમ ભારતીય કિસાન સંઘના માળવા પ્રદેશના પ્રવકતા ભારતસિંઘ બૈસે પીટીઆઈ સાથે વાત કરતાં કહ્યું હતું. તે સાથે સિંઘે એમ પણ કહ્યું હતું કે હવામાન અંગે ખોટી આગાહી કરવા બદલ અને તેના પગલે ખેડૂતોને થયેલા નુકસાનને ધ્યાનમાં લેતાં તેઓ હવામાન ખાતા વિરૂધ્ધ કોર્ટમાં જવાનું ગંભીરતાથી વિચારી રહ્યા છે અને આ અંગે ટૂંક સમયમાં જ નિર્ણય લેવાઈ જશે.

## મુંબઈમાં મહોર્રમનાં સરઘસ અને ધાર્મિક વિધી કરવાની બોમ્બે હાઈકોર્ટે શરતી મંજુરી આપી

મુંબઈ તા. ૧૯

મહારાષ્ટ્રમાં તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને સરકાર પણ મોટા મેળાવડા માટે પરવાનગી આપી નથી. ત્યારે લઘુમતી સમુદાય દ્વારા મહોરમ નિમિતે બોમ્બે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. જેમાં તાજીયા કાઢવાની મંજૂરી માંગવામાં આવી હતી. આ સમય દરમ્યાન મંગળવારે બોમ્બે હાઈકોર્ટે શિયા મુસ્લિમ સમુદાયને કોરોના વાઈરસને ધ્યાનમાં રાખીને અમુક શરતો સાથે મોહરમ સરઘસ કાઢવાની મંજૂરી આપી હતી. જસ્ટિસ કે.કે. તાતેડ અને જસ્ટિસ પી.કે. ચવ્હાણની બેન્ચે કહ્યું કે ૨૦ ઓગસ્ટના રોજ ત્રણ કલાક માટે સરઘસ કાઢવાની મંજૂરી આપી હતી.

પરંતુ આ સરઘસ દરમ્યાન કોરોના ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે. સરઘસમાં ફક્ત ૭ ટ્રકોને જ મંજૂરી આપવામાં આવશે. તેમજ દરેક ટ્રકમાં ૧૫થી વધારે લોકો ન હોવા જોઈએ. ખંડપીઠે કહ્યું કે જે લોકોએ કોરોના વાઈરસ વિરોધી રસીના બંને ડોઝ લીધા છે અને બીજા ડોઝના ૧૪ દિવસ પસાર થયા છે, તેમને જ ટ્રકમાં બેસવાની મંજૂરી આપવામાં આવશે. બેન્ચે કહ્યું "પાંચ તાજીયા કાઢવાની પરવાનગી આપવામાં આવશે. ૧૦૫ વ્યક્તિઓમાંથી માત્ર ૨૫ને જ કરબલાની અંદર પ્રવેશ આપવામાં આવશે.

## અફઘાનિસ્તાનમાં લોકતંત્ર નહી ચાલે શરીયતનો કાયદો ચાલશે - તાલીબાન

કાબુલ તા. ૧૯ : અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળવાનો પ્રયત્ન કરનાર તાલિબાનીઓએ તેમની ઈચ્છા જાહેર કરી દીધી છે. તાલિબાની નેતા વહીદુલ્લાહ હાશ્મીએ કહ્યું છે કે, અફઘાનિસ્તાનમાં કોઈ લોકતાંત્રિક વ્યવસ્થા નહીં થાય. કારણકે અહીં તેનું કોઈ મહત્વ નથી, હાશ્મીએ ન્યૂઝ એજન્સી રોયટર્સ સાથે વાતચીતમાં કહ્યું છે કે, તાલિબાનોને એ જણાવવાની જરૂર નથી કે અફઘાનિસ્તાનની હુકૂમત કેવી હશે, કારણકે તે એકદમ સ્પષ્ટ છે. અહીં શરિયા કાયદો ચાલશે.

વહીદુલ્લાહનું કહેવું છે કે, તાલિબાન એવી સ્ટ્રેટજી બનાવી રહ્યું છે કે, અફઘાનિસ્તાનને કેવી રીતે ચલાવવું. અત્યાર સુધીની યોજના પ્રમાણે તાલિબાની કાઉન્સિલ અફઘાનિસ્તાનનું કામકાજ સંભાળતી હતી અને ઈસ્લામી આતંકી મૂવમેન્ટનો પ્રમુખ હેબતુલ્લાહ અખુંદજાદા તાલિબાની હુકૂમતનો મુખિયા હોઈ શકે છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.





બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, માઈક્રોવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. સોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

હરિ-કલા ✚ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત ✚
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ભાવસાર આયુર્વેદિક જખ્મેરૂઝ® ગુલાબી મલમ

ચોમાસામાં ચામડીના રોગોમાં રાહત




- હાથ પગના ચીરા/વાઢિયા
- ખસ - ખુજલી
- ખીલ - ગુમડા
- જખમ - ઘા તેમજ ચામડીના રોગો માટે

દરેક મેડીકલ અને આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ

ભાવસાર કેમિકલ્સ પ્રા. લિ. વ્યારા (તાપી) Customer Care: 02626 220015

# સોમનાથ મંદિરની સુંદરતામાં વધારો : એક કિલોમીટર લાંબો સમુદ્ર દર્શન વોક-વે તૈયાર, આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ લોકાર્પણ કરશે

પ્રભાસ-પાટણ તા.૧૯ સોમનાથમાં ભારત સરકારની પ્રસાદમ યોજના, ગુજરાત ટૂરિઝમ, સોમનાથ ટ્રસ્ટ અને દાતાઓના સહયોગથી ૪ પ્રોજેક્ટનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે, જેમાં સૌથી મહત્ત્વાકાંક્ષી યોજના સાગર દર્શન નામનો એક કિ.મી. લાંબો વોક-વે ૪૫ કરોડના ખર્ચે તૈયાર કરાયો છે. અહિલ્યાબાઈ નિર્મિત સોમનાથ મહાદેવના મંદિરનાં વિકાસકામોનું પણ ખાતમુહૂર્ત કરાશે તેમજ સોમનાથ મંદિર પરિસરમાં ૨૨ કરોડના ખર્ચે નિર્માણ થનારા પાર્વતી મંદિરનું ભૂમિપૂજન કરાશે.

**વિવિધ જૂથો સંગીત-નૃત્યની ધૂમ મચાવશે**

વોક-વેનું લોકાર્પણ થતાં જ એના ઉપર સ્કૂલના વિદ્યાર્થીઓ, વિવિધ જૂથનાં લોકનૃત્યો, જૂનાગઢ પોલીસ બેન્ડ, વિવિધ પૌરાણિક પાત્રો સાથેના રથ, બાંટવાની જય ચામુંડા રાસમંડળીના દાંડિયારાસ, ચોરવાડનું ટિપ્પણી નૃત્ય અને સીદી બાદશાહના ધમાલ નૃત્ય સાથેની શોભાયાત્રા તેમજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

# હવે મહિલાઓ પણ રાષ્ટ્રીય રક્ષા એકેડમીની પરીક્ષા આપી શકશે

નવી દિલ્હી તા.૧૯ સુપ્રીમ કોર્ટએ મહિલાઓને રાષ્ટ્રીય રક્ષા એકેડમી (એનડીએ)માં પ્રવેશ માટે પરીક્ષામાં બેસવાનો આદેશ આપ્યો છે. ૫ સપ્ટેમ્બરના રોજ આ પરીક્ષા યોજાશે. પ્રવેશ વગેરે કોર્ટના અંતિમ આદેશને આધીન રહેશે. સુપ્રીમ કોર્ટએ મહિલાઓ માટેના અવસરોનો વિરોધ કરવા માટે સેનાને ફટકાર લગાવી છે. સાથે તેઓને પોતાનું વલણ પણ બદલવા કહ્યું છે. સાથે જણાવ્યું કે, માત્ર ન્યાયિક આદેશ પસાર થવા ઉપર જ પગલાં ના ઉઠાવો. જસ્ટિસ સંજય કિશન કૌલ અને હષિકેશ રોયની ખંડપીઠએ કુશ કાલરા દ્વારા દાખલ કરવામાં આવેલ એક રિટ અરજીમાં વચગાળાનો આદેશ પસાર કર્યો. જેમાં મહિલા ઉમેદવારોને એનડીએ પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવાની માંગ કરવામાં આવી હતી. અરજીકર્તાના કહેવા અનુસાર, યોગ્ય અને ઈચ્છુક મહિલા ઉમેદવારોને તેમની જાતિના આધાર ઉપર નેશનલ ડિફેન્સ એકેડમીમાં પ્રવેશના અવસરથી વંચિત કરવામાં આવી રહ્યાં છે. આ અરજીમાં કહેવામાં આવ્યું કે, પ્રર્યાપ્ત ૧૦ ૨ સ્તરની શિક્ષા પ્રાપ્ત પાત્ર મહિલા ઉમેદવારોને તેમની જાતિના આધાર ઉપર નેશનલ ડિફેન્સ એકેડમી અને નૌસેના એકેડમી પરીક્ષા આપવાના અવસરથી વંચિત કરી દેવામાં આવે છે અને આ ઈન્કારનું પરિણામ એ હોય છે કે, શિક્ષાના ૧૦ ૨ સ્તર ઉપર, અધિકારીના રૂપમાં સશસ્ત્ર બળોમાં સામેલ થવા માટે પાત્ર મહિલા ઉમેદવારો પાસે પ્રવેશની કોઈ પણ રીતે પહોંચ નથી. જ્યારે સમાન અને સમાન રૂપથી ૧૦ ૨ સ્તરની શિક્ષાવાળા પુરૂષ ઉમેદવારોને પરીક્ષા આપવાનો અવસર મળે છે અને યોગ્યતા બાદ નેશનલ ડિફેન્સમાં સામેલ થઈ જાય છે. વધુમાં તેમણે જણાવ્યું કે, એકેડમીને ભારતીય સશસ્ત્ર બળોમાં સ્થાયી કમીશન્ડ અધિકારીઓના રૂપમાં નિયુક્ત કરવા માટે તાલીમ આપવામાં આવશે. આ સાર્વજનિક રોજગારના મામલાઓમાં અવસરની સમાનતાના મૌલિક અધિકાર અને સુરક્ષાના મૌલિક અધિકારનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. તમને જણાવી દઈએ કે, સંઘ લોક સેવા આયોગ દ્વારા એનડીએ અને એનએ એક્ઝામ(૨)નું આયોજન ૫ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ કરવામાં આવશે.

# શાલિની અગ્નિહોત્રી કોચિંગ વગર પ્રથમ પ્રયાસે જ યુપીએસસીની પરીક્ષા પાસ કરી સનદી અધિકારી બની



નવી દિલ્હી તા.૧૯ હિમાચલ પ્રદેશના ઉના જિલ્લાના એક નાનકડા થટહાલ ગામની નિવાસી શાલિની અગ્નિહોત્રીએ પ્રથમ પ્રયાસે જ આઈપીએસ અધિકારી બનાવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. કોઈપણ જાતના કોચિંગ વગર આઈપીએસની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે સફળ રહેનાર શાલિની એક બસ કન્ડક્ટરની પુત્રી છે. ચાલો આપણે શાલિની અગ્નિહોત્રી અંગે વધુ જાણીએ. માતાના અપમાને કઈ રીતે શાલિની અગ્નિહોત્રીના જીવનને બદલી નાખ્યું? બાળપણમાં એક વાર શાલિની પોતાની માતા સાથે બસમાં પ્રવાસ કરી રહી હતી ત્યારે એક વ્યક્તિએ તેની માતાની બેઠક પાછળ હાથ રાખ્યો હતો જેના કારણે તેના માતા બરાબર બેસી શકતાં ન હતાં. તેમણે એ વ્યક્તિને હાથ હટાવી લેવા ઘણી વાર કહ્યું પરંતુ તેણે કોઈ દરકાર કરી નહીં. વારંવાર કહેતાં એ વ્યક્તિ ગુસ્સે થઈ ગઈ અને જણાવ્યું કે તું ક્યાંની ડીસી છે કે તારી વાત માનું. બસ આ સાંભળીનો શાલિનીએ નક્કી કર્યુ કે તે મોટી થઈનો ઓફિસર બનશે. શાલિનીને ધો.૧૨ની પરીક્ષામાં માત્ર ૭૭ ટકા આવ્યા હતા શાલિનીએ ધો.૧૦માં ૯૨ ટકા માકર્સ મેળવ્યાં હતાં પરંતુ ધો.૧૨માં માત્ર તેને ૭૭ ટકા માર્કર્સ આવ્યાં હતાં તેમછતાં તેના માતા પિતાએ તેના ઉપર ભરોસો કરીને તેને આગળ ભણવા માટે પ્રેરીત કરી. શાલિનીએ ધર્મશાલાની હિમાચલ પ્રદેશ એગ્રી કલ્ચર યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવી હતી ત્યાર બાદ તેણે તેની સાથે યુપીએસસીની પણ પરીક્ષા શરૂ કરી દીધી હતી. શાલિનીએ પોતાની યુપીએસસીની તૈયારી અંગે માતા પિતાને પણ જાણ કરી ન હતી અને તેણે યુપીએસસી માટે કોઈ કોચિંગ લીધા વગર પરીક્ષા પાસ કરી હતી. શાલિનીના પિતા રમેશ અગ્નિહોત્રી બસ કન્ડકટર હતા પરંતુ તેમણે તેના બાળકોને સારૂ શિક્ષણ આપ્યું હતું. શાલિનીની મોટી બહેન ડોકટર છે અને તેનો ભાઈ આર્મીમાં છે.

# શિક્ષક સજ્જતા સર્વેક્ષણને લઈ પ્રાથમિક શિક્ષક સંઘ અને રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ વચ્ચે મતમતાંતર

## પ્રથામિક શિક્ષક સંઘે સર્વેક્ષણની તરફેણ કરી તો રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘે વિરોધ સાથે બહિષ્કાર કર્યો

અમદાવાદ તા.૧૯ ગુજરાત રાજ્યમાં ૨૪ ઓગસ્ટના રોજ યોજાનારા શિક્ષક સજ્જતા સર્વેક્ષણને લઈને પ્રાથમિક શિક્ષકોના બે સંગઠનોમાં વિભિન્ન મત જોવા મળી રહ્યો છે. શિક્ષકોનું એક સંગઠન આ સર્વેક્ષણ શિક્ષકોના અપમાન સમાન હોવાનું જણાવી તેનો વિરોધ કરી રહ્યું છે અને આ સંગઠન દ્વારા સર્વેક્ષણના બહિષ્કારની જાહેરાત કરી છે. જ્યારે બીજા સંગઠન દ્વારા આ સર્વેક્ષણની તરફેણ કરી શિક્ષકો તેમાં ભાગ લે તે માટે આહ્‌વાન કર્યું છે. આમ, સર્વેક્ષણ હવે શિક્ષકોના બે સંગઠનોના પ્રતિષ્ઠાના જંગ સમાન બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના પ્રાથમિક શાળાના શિક્ષકો માટે વિભાગ દ્વારા ૨૪ ઓગસ્ટના રોજ શિક્ષક સજ્જતા સર્વેક્ષણની જાહેરાત કરી છે. આ જાહેરાત સાથે જ શિક્ષકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને સર્વેક્ષણનો વિરોધ શરૂ કર્યો હતો. રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા આ સર્વેક્ષણનો વિરોધ શરૂ કર્યો હતો અને સર્વેક્ષણના નામે શિક્ષકોની પરીક્ષા યોજવા સામે આક્રોશ વ્યક્ત કરી પરીક્ષા રદ કરવાની માંગણી કરી હતી. જોકે, શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષા રદ કરવામાં ન આવતા રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા આ સર્વેક્ષણનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. બીજી બાજુ રાજયના પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પણ શરૂઆતમાં આ સર્વેક્ષણનો વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે, પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સર્વેક્ષણને લઈને વિભાગ સમક્ષ કરવામાં આવેલી રજૂઆતોના પગલે શિક્ષકો માટે સર્વેક્ષણ ફરજિયાતના બદલે મરજિયાત કરવાનો નિર્ણય લેતા હવે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સર્વેક્ષણની તરફેણ કરવામાં આવી રહી છે. આટલું જ નહીં, પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખે વિડીયો સંદેશ દ્વારા તમામ શિક્ષકોને સર્વેક્ષણમાં ભાગ લેવા માટે પણ જણાવ્યું છે. આમ, પ્રાથમિક શિક્ષકોના બે સંગઠનોના વિરોધાભાસી વલણથી શિક્ષકો મૂંઝવણમાં મુકાયા છે. એક સંગઠન દ્વારા સર્વેક્ષણનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. જ્યારે બીજા સંગઠન દ્વારા સર્વેક્ષણમાં ભાગ લેવા માટેની જાહેરાત કરી છે. જેથી શિક્ષકો અસમંજસમાં મુકાયા છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ આક્રમક બનતા અન્ય સંગઠનો પોતાની શાખ બચાવવા માટે મેદાનમાં પડ્યા છે અને તેને જોતા આ સર્વેક્ષણ શિક્ષકોના બદલે બે સંગઠનોની પ્રતિષ્ઠાની પરીક્ષા કરે તેમ લાગી રહ્યું છે.

### સર્વેક્ષણના દિવસે બપોરે બાયસેગથી તાલીમનું આયોજન

૨૪ ઓગસ્ટના રોજ મંગળવારે શિક્ષક સજ્જતા સર્વેક્ષણ હાથ ધરવામાં આવનાર છે. જેથી ૨૪ ઓગસ્ટના રોજ બપોરે સર્વેક્ષણ શરૂ થાય તે પહેલા સર્વેક્ષણ સંદર્ભે ૧૨-૩૦ વાગ્યે બાયસેગ મારફતે ટેલિકોન્ફરન્સના માધ્યમથી તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના શિક્ષકોએ પોતાના કલસ્ટર-સર્વેક્ષણ જે સ્થળ નક્કી થયેલી તે શાળામાં સમયસર પહોંચી આ તાલીમમાં ભાગ લે તે માટે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી છે. આમ, સર્વેક્ષણ પહેલા તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

### સર્વેક્ષણ માટેની હોલ ટિકિટનું વિતરણ શરૂ

૨૪ ઓગસ્ટના રોજ શિક્ષક સજ્જતા સર્વેક્ષણ હાથ ધરવામાં આવનાર હોઈ આ સર્વેક્ષણમાં તમામ શિક્ષકો ભાગ લે તે માટે આહવાન કરવામાં આવ્યું છે. આ સર્વેક્ષણ શિક્ષકો માટે ફરજિયાતના બદલે મરજિયાત કરવામાં આવ્યું છે. તેમ છતાં મોટી સંખ્યામાં શિક્ષકો ભાગ લે તે માટેના પ્રયાસો થઈ રહ્યા છે. આ સર્વેક્ષણને લઈને શિક્ષકોની હોલ ટિકીટ તૈયાર કરી દેવામાં આવી છે. જેથી શિક્ષકો વેબસાઈટ ઉપરથી પોતાની હોલ ટિકીટ ડાઉનલોડ કરે તે માટે સુચના અપાઈ છે.

# ગુજરાતમાં ભૂમાફિયાઓ દ્વારા રૂા.૭૩૦ કરોડની ૭૬.૬૦ લાખ ચોરસ મીટર જમીન ઉપર દબાણ

## ૧૧૭૮ આરોપી, એક વર્ષમાં ૬૮૮૪ અરજી મળી, જે પૈકી ૩૪૫માં લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ એફઆઈઆર દાખલ

ગાંધીનગર તા.૧૯ ગુજરાત રાજયમાં ભૂમાફિયા દ્વારા ગરીબ-મધ્યમ વર્ગની તથા ખેડૂતોની જમીન પચાવી પાડવાની મોટાપાયે ફરિયાદોને પગલે સરકાર દ્વારા લેન્ડ ગ્રેબિંગ એકટ અમલમાં મૂકયો છે. સરકાર દ્વારા આ એકટ અમલી બનાવાતા હમણાં સુધીમાં ૩૪૫ એફઆઈઆર દાખલ કરવામાં આવી ચૂકી છે, જેમાં રૂા.૭૩૦ કરોડની ૭૬.૬૦ લાખ ચો.મી. જમીન ઉપર લેન્ડ ગ્રેબિંગ થયાનું બહાર આવતા ૧૧૭૮ વ્યક્તિઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે. મહેસૂલમંત્રી શૌશિક પટેલે આ અંગે જણાવ્યું હતું કે, રાજ્યમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ડામી દેવા રાજય સરકાર સંકલ્પબદ્ધ છે. ભૂમાફિયાઓને નાથવા માટે આ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટ હેઠળ ગુજરાત સરકારે ટૂંકા ગાળામાં સિમાચિન્હરૂપ કામગીરી કરી છે. છેલ્લા એક વર્ષમાં લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ રાજયભરમાંથી અત્યાર સુધીમાં ૬૮૮૪ હજારથી વધુ અરજીઓ મળી હતી. તેમાંથી ૪૪૮૯ અરજીઓની તપાસ પૂર્ણ કરવામાં આવી છે. આ અરજીઓમાં સરકારી અને ખાનગી મળી કુલ ૨૮ કરોડ ૬૧ લાખ ૮૦ હજાર ચો.મી. જમીન ઉપર લેન્ડ ગ્રેબિંગ થયું હોય તેવું દર્શાવવામાં આવ્યું છે. તપાસબાદ આ પૈકી રૂા.૭૩૦ કરોડની કિંમતની ૭૬ લાખ ૬૦હજાર ચો.મી. જમીન ઉપર લેન્ડ ગ્રેબિંગ પુરવાર થતાં ૧૧૭૮ વ્યકિતઓ સામે ૩૪૫ એફઆઈઆર નોંધવામાં આવી છે. જેમાંથી, ૧૯૦ વ્યકિતઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં આ કાયદાના અસરકારક અમલીકરણ માટે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જેના પરીણામે ભૂમાફીયાઓ બચી શકશે નહીં. જિલ્લાકક્ષાએ કલેકટરની અધ્યક્ષતામાં ૭ સભ્યોની કમિટી આ કામગીરી કરી રહી છે. જેમાં વિશેષ કોર્ટની પણ રચના કરાઈ છે. આ કોર્ટ માત્રને માત્ર લેન્ડ ગ્રેબિંગને લગતા કેસો ચલાવશે. જે અંતર્ગત જિલ્લા કક્ષાએ કમિટીની રચના કરાઈ છે. આ તમામ અરજીઓનો સત્વરે નિકાલ કરી જરૂરીયાતમંદોને તેમની જમીન પરત મળે તે માટે ત્વરીત પગલા હાથ ધરવામાં આવી રહ્યાં છે. તેમણે ઉમેર્યું કે, રાજય સરકારે મહેસૂલી સેવાઓના લાભો નાગરિકોને સત્વરે મળી રહે એ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને આઈ-ઓઆરએ પોર્ટલ કાર્યરત કર્યું છે જેના પરિણામે કામગીરીમાં ઝડપ આવી છે. લેન્ડ ગ્રેબિંગ એકટ અંગે પહેલા સંબંધિત કલેકટરને અરજી કરવાની હતી તેમાં હવે નાગરિકો આ પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવાઈ છે.

# યાત્રાધામ દ્વારકામાં જીલણા એકાદશીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ



દ્વારકા તા.૧૯ ગઈકાલે શ્રાવણ મહિનાની જીલણા એકાદશીનાં રોજ સાંજે ૫:૦૦ કલાકે ભગવાનની રવાડી નગરચર્યાએ નીકળી હતી. કોરોનાની મહામારી સમયે આ પરંપરા જાળવવા જૂજ બ્રાહ્મણોની હાજરીમાં આ રવાડી નગરચર્યા માટે નીકળી હતી અને પૌરાણિક કક્લાસ કુંડમાં સ્નાન કરી ત્યાં રવાડીમાંથી ભગવાનના બાલ્યસવરૂપ એવા ગોપાલજીની પૂજન આરતી કરવામાં આવ્યા હતા. ત્યારે નગરનાં ભાવિકો ભગવાન સ્નાન અને પૂજન વિધિમાં સોશ્યલ ડિસ્ટન્સ રાખી દર્શન કરવા આવ્યા હતા અને પરંપરા મુજબ ભગવાનના સ્નાન કાર્ય બાદ ક્કલાસ કુંડમાં ભાવિકોએ પણ સ્નાન કર્યું હતું. એવી માન્યતા છે કે, આ કુંડમાં સ્નાન કરવાથી લોકોને ચામડીનાં રોગ દૂર થાય છે. ત્યારે કુંડમાંપણ શકિત આવે તે માટે ખુદ ભગવાન સ્નાન કરી નગરચર્યા પુર્ણ કરી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે આ જીલણા એકાદશીની યાત્રા નીકળી હતી અને પોલિસ દ્વારા જગતમંદિરનાં દ્વાર ઉપર ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. પૂજારી તથા ભક્તોએ દેશ અને વિશ્વ કોરોનાની જાળમાંથી મુકત થાય તે ભગવાનને પ્રાર્થના કરી હતી.

# અમદાવાદ સિવિલમાં દોઢ મહિનામાં ૬૦૦૦ બાળકોની સારવાર

## કોરોના ભલે નબળો પડ્યો છે પરંતુ તે હજુ આપણી વચ્ચે છે, આવામાં બાળકોના સ્વાસ્થ્યની કાળજી રાખવી જરૂરી


અમદાવાદ,તા.૧૯ કોરોના વાયરસની બે લહેર બાદ ત્રીજી લહેર બાળકો માટે ખતરનાક બનવાની સંભાવના વચ્ચે અમદાવાદમાં બાળકોમાં વકરી રહેલા રોગચાળાએ ચિંતા ઊભી કરી દીધી છે. પાછલા દોઢ મહિનામાં અમદાવાદ સિવિલમાં ૬૦૦૦ બાળકો સારવાર લેવા માટે આવ્યા છે. બાળ દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે ત્યારે તેમને કામ વગર ઘરની બહાર ના કાઢવા અને તેમની કાળજી રાખવાની ભલામણ મેડિકલ એક્સપર્ટ દ્વારા કરવામાં આવી રહી છે. મહત્વનું છે કે કોરોના ભલે નબળો પડ્યો છે પરંતુ તે હજુ પણ આપણી વચ્ચે છે, આવામાં બાળકોના સ્વાસ્થ્યની કાળજી રાખવી જરૂરી છે. ૧૮ વર્ષથી ઉપરના લોકોને કોરોનાની રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે, માટે તેમના માટે ખતરો ઓછો થઈ રહ્યો છે, પરંતુ બાળકો માટે કોરોના ઘાતક ના બને તે માટે સાવધાની રાખવી જરૂરી છે. બીમાર બાળકોની સંખ્યામાં વધારો થવાનું કારણ મિશ્ર ઋતુ જવાબદાર હોવાનું માનવામાં આવે છે. અસારવા સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. જેવી મોદી જણાવે છે કે, પાછલા કેટલાક દિવસોથી સિવિલ ઓપીડીમાં આવતા બાળ દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. અહીં સારવાર માટે આવતા બાળકોમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ઝાડા-ઉલ્ટી અને શ્વાસની તકલીફ જોવા મળી રહી છે. હાલ ચોમાસાની સીઝન ચાલી રહી છે પરંતુ બીજી તરફ ગરમીની સાથે મચ્છરોનો ઉપદ્રવ બાળકોનો બીમાર બનાવી રહ્યો છે. વાઈરલ ઈન્ફેકશનના કેસોમાં હાલ વધારો નોંધાઈ રહ્યો છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ જુલાઈથી ૧૭ ઓગસ્ટ સુધીમાં સિવિલ ઓપીડીમાં ૬૦૦૦ બાળકો સારવાર માટે આવ્યા છે. આવામાં ૧૫૦૦ જેટલા બાળકોની તબિયત ઝાડા-ઉલ્ટી, વધારે તાવના લીધે ખરાબ હોવાથી તેમને દાખલ કરવા પડ્યા હતા. જે પ્રમાણે રોજના સિવિલમાં ૫૦-૬૦ કેસ આવતા હતા તેની સામે હાલ સરેરાશ દોઢ મહિનાથી રોજના ૧૫૦થી ૨૦૦ કેસ આવે છે.

# ખંભાળિયામાં આવતીકાલે મહારાણા પ્રતાપની નવનિર્મિત પ્રતિમાનું અનાવરણ થશે

જામખંભાળિયા તા.૧૯ ખંભાળિયા નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાની વિકાસ ગ્રાન્ટમાંથી રાષ્ટ્રીય મહાપુરૂષ શ્રી મહારાણા પ્રતાપની પ્રતિમાનું નિર્માણ કરાવી, જામનગર તરફથી ખંભાળિયા શહેરમાં પ્રવેશ કરવાના મુખ્ય માર્ગ ઉપર આ પ્રતિમા મુકવામાં આવી છે. આ પ્રતિમાની અનાવરણ વિધિ રાજપૂત સમાજના ગુજરાત રાજયના રાહબર અને રાજયના ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાના વરદ હસ્તે આવતીકાલે શુક્રવાર તા.૨૦ મીના રોજ સવારે ૧૧ વાગ્યે થશે. આ સમારંભમાં રાજપૂત સમાજના જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના આગેવાન અને રાજ્યમંત્રી હકુભા જાડેજા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

તેમની સાથે હાલારના સાંસદ પૂનમબેન માડમ અને પૂર્વ ધારાસભ્ય મુળુભાઈ બેરા પણ ઉપસ્થિત રહેનાર છે. તેમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના રાજપૂત સમાજના પ્રમુખ પી.એસ. જાડેજાની આગેવાનીમાં રાજપુત સમાજ દ્વારા સમગ્ર આયોજન માટે તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ પ્રસંગે રાજપૂત સમાજના યુવાઓ દ્વારા ૨૫૧ મોટરસાયકલ મારફતે પ્રતિમાથી ટાઉન હોલ સુધી રેલી સ્વરૂપે એસ્કોર્ટ કરી, મહાનુભાવોને લઈ જવામાં આવશે અને સાફા બાંધીને તમામ મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવશે.

# ઉનાથી ગુપ્તપ્રયાગ સુધી યુવા ભાજપ દ્વારા મેરેથોન સાયકલ યાત્રા યોજાઈ



(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૧૯ ઉના શહેર યુવા ભાજપ મોરચા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની-મેરેથોન સાયકલ યાત્રા ઉજવણીના ભાગરૂપે નગરપાલિકા ભવનથી ગુપ્તપ્રયાગ સુધી સાયકલ યાત્રા તેમજ વૃદ્ધાશ્રમમાં વડીલોને ફળાહાર કરાવ્યો હતો અને સાથે શ્રાવણ મહિનાની મોટી અગિયારસ હોય તો મહાપ્રભુજીના દર્શનનો પણ લાભ લીધેલ હતો. આ સાયકલ યાત્રા ઉના શહેર યુવા ભાજપ પ્રમુખ વિનોદભાઈ બાંભણીયાની આગેવાની હેઠળ યુવા મોરચાના હોદ્દેદારો મહામંત્રી કિરીટભાઈ વાજા, ઉપપ્રમુખ હિતેશભાઈ દિવેચા, ભોનેશભાઈ, લલિતભાઈ, લાલજીભાઈ, કિશનભાઈ મકવાણા, જલપેશ વાજા, પીયૂષભાઈ જાની, હિરેન સોલંકી વગેરે બહોળી સંખ્યામાં યુવા કાર્યકર્તા, મિત્રોએ નવા ઉત્સાહ અને જોસ-જુસ્સાથી ૧૫ કિલોમીટર સાઈકલ યાત્રામાં જોડાયા હતા.

# ખંભાળિયામાં જુગાર દરોડા, ૧૮ શખ્સો ઝડપાયા

જામખંભાળિયા તા.૧૯ ખંભાળિયાના સંજયનગર વિસ્તારમાં ધમધમતા જુગારના અખાડા ઉપર એલ.સી.બી. પોલીસે દરોડો પાડી છ શખ્સોને ૭૨,૧૯૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જયારે અન્ય ત્રણ સ્થળોએ દરોડામાં ૧૨ શખ્સો ઝડપાયા હતા અને ત્રણ નાસી ગયા હતા. આ દરોડામાં રૂા.૧,૩૧,૪૬૯નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો હતો.

# ખંભાળિયામાં આવતીકાલે રઘુવંશી જ્ઞાતિજનોની મહત્વની મીટીંગ

જામખંભાળિયા તા.૧૯ ખંભાળિયા પંથકના રઘુવંશી જ્ઞાતિજનોની એક મહત્વની મીટીંગ આવતીકાલે શુક્રવારે ૨૧મીના રોજ રાત્રીના પોણા દસ વાગ્યે અત્રે જલારામ ચોકમાં આવેલી જૂની લોહાણા મહાજનવાડી ખાતે યોજવામાં આવી છે. શ્રી લોહાણા મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળમાં ફેરફાર સહિતના મુદ્દે યોજવામાં આવેલી આ મહત્વની બેઠકમાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

# તાડકેશ્વર શિવમંદિરમાં સૂર્યના કિરણોથી અભિષેક થાય છે

અમદાવાદ,તા.૧૯ સૂ દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં વાંકી નદીના કિનારે અબ્રામા ગામમાં પ્રાચીન તાડકેશ્વર મંદિરે સૂર્યની કિરણો સીધા શિવલિંગ ઉપર અભિષેક કરે છે. ૧૯૯૪માં મંદિરનું જીર્ણોદ્ધાર કરીને ૨૦ ફૂટના ગોળાકાર આકૃતિમાં ખુલ્લા શિખરનું નિર્માણ કરવામાં આવ્યું. સમગ્ર શ્રાવણ મહિના દરમ્યાન તથા મહાશિવરાત્રિ ઉપર અહી વિશાળ મેળો ભરાયેલો હોય છે. ૮૦૦ વર્ષ જૂના આ અલૌકિક મંદિર વિશે પુરાણોમાં ઉલ્લેખ કરાયો છે. જેને આજે લોકો તાડકેશ્વર મંદિરના નામથી ઓળખે છે. વિધિવિધાનથી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ચારેય બાજુ દિવાલ બનીને ઉપર છત બનાવી. પણ ગ્રામીણોએ જોયું કે, થોડા સમયમાંજ આ છત સળગીને સ્વાહા થઈ ગઈ હતી. આવુ વારંવાર થતુ ગયું, ગ્રામીણો વારંવાર પ્રયાસો કરતા રહ્યા, પણ મંદિરની છત ન બની. બાદમાં ગોવાળિયાને ફરીથી ભગવાન શિવે દર્શન આપ્યા છે.

# તાઉતે વાવાઝોડામાં સહાયથી વંચીત રહેલા લોકોને તત્કાલ સહાય આપવાની માંગણી સાથે વિસાવદરમાં રેલી અને ધરણા યોજાયા

## ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાની મહેનત રંગ લાવી : તંત્રે ફરીવાર સર્વે કરવાની ખાત્રી અપાતા આંદોલન સમેટાયું





જૂનાગઢ, તા.૧૯
વિસાવદરના ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા અને આગેવાનોની ઉપસ્થિતિમાં ગઈકાલે વિશાળ સંખ્યામાં ખેડૂતોની રેલી અને આંદોલનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. તાઉતે વાવાઝોડાના સહાયથી વંચિત રહેલા લોકોને તત્કાલ સહાય ચુકવી તેમજ ફરી વાર રી સર્વે કરવાની માંગણીને સ્વીકારવાની તંત્રએ ખાત્રી અપાતા આંદોલન સમેટાયું હતું.

તાઉતે વાવાઝોડાના કારણે અનેક લોકોનો અસરગ્રસ્ત સ્થિતિમાં મુકાવું પડયું અને ખેડૂતોને ભયંકર નુકશાન થયેલ છે. જૂનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકા અને શહેરમાં પણ ખેડૂતોને તેમજ માલધારીઓને તેમજ ખેડૂતોની વાડીઓમાં મકાનના છાપરાઓ, ગોડાઉન અને ઘરવખરીને નુકશાન થયું હતું. ૪૩૦૦ વધારે લોકોને નુકશાની ભોગવી પડી છે તેવા સંજોગોમાં સરકારી તંત્રએ માત્રને માત્ર ૨-૫ લોકોને સહાય પુરી પાડી અને સર્વે કરી અને અન્ય લોકોને અન્યાય કર્યો હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. આ દરમ્યાન ગઈકાલે વિસાવદરના ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાની આગેવાની મોટી સંખ્યામાં ખેડૂતો અને ગામ લોકોએ વિસાવદર માર્કેટીંગ યાર્ડથી રેલીનો કાર્યક્રમ યોજીયો હતો તેમજ ન્યાયની ખાત્રી ન હળે ત્યાં સુધી ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાએ અચોક્કસ મુદતના ધરણા શરૂ કરેલ અને જયાં સુધી ખાત્રી ન મળે ત્યાં સુધી આ કાર્યક્રમ ચાલુ રાખવાની ચિમકી આપતા વહીવટી તંત્ર દોડતું થયું હતું અને નાયબ કલેકટરશ્રીએ સર્વેને ન્યાય આપવાની ખાત્રી આપી તેમજ રીસર્વેની કાર્યવાહી ફરીવાર કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. ગઈકાલે યોજાયેલા કાર્યક્રમમાં વિસાવદર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કરશનભાઈ વાડોતરીયા, જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોંકીયા અને મોટી સંખ્યામાં આગેવાનો અને ખેડૂતો આંદોલનમાં હાજર રહ્યા હતા. ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાની મહેનતના પરીણામે ન્યાય મળશે તેવી ખાત્રી મળી હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણીના કાયદા માટે કેશોદમાં સેમિનાર યોજાયો



કેશોદ, તા.૧૯
જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ તા.૧૧/૮/૨૦૨૧ના રોજ કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ-૨૦૧૩ સેમિનારનું આયોજન કેશોદ નગરપાલિકા હોલ ખાતે કરાયું હતું. જેમાં કેશોદ ગ્રામ્ય તેમજ સિટી બાળ વિકાસ યોજના અધિકારી, મુખ્ય સેવિકા બહેનો અને આંગણવાડી કાર્યકર બહેનોએ ભાગ લીધો હતો.

બહેનોને કામકાજના સ્થળ ઉપર ક્યા પ્રકારનો દુરવ્યવહારને જાતીય સતામણી કહેવાય જો આ પ્રકારની સતામણીનો ભોગ બહેન બને છે તો આની અરજી ક્યાં સ્થળ ઉપર બહેન કરી શકે, કેટલા દિવસમાં કરી શકે, તેના માટે શું કાયદાકીય જોગવાઈ હોય છે. તેમાં દંડ અને સજાના શુ પ્રાવધાનો હોય છે તેની વિસ્તૃત સમજ કાયદા નિષ્ણાતો દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત ચાલતી મહિલાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ સેમિનારમાં સહભાગી થયેલ તમામ બહેનોને કીટ અને આઈઈસી વિતરણ કરવામાં આવી હતી.

# સત્યમ સેવા યુવક મંડળનાં પ્રમુખ મનસુખભાઈ વાજા અને તેમની સેવાકીય પ્રવૃતિની નોંધ લેતા મહાનુભાવો



જૂનાગઢ તા.૧૯ : ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ ગુજરાતનાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજી તેમજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જૂનાગઢનાં મોંઘેરા મહેમાન બન્યા હતા અને તેઓની ઉપસ્થિતિમાં એટહોમ સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા. આ તકે આમંત્રિત મહેમાનો સાથે ડિનર કરેલ હતું. દરમ્યાન આ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત આમંત્રીત મહેમાનો સાથે મીલન મુલાકાત થઈ હતી. જેમાં ખાસ કરીને સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાની સેવાકીય પ્રવૃત્તિઓની ખાસ નોંધ લીધેલ હતી અને પ્રવૃત્તિની ભારોભાર પ્રશંસા કરેલ હતી તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા વિજયભાઈ રૂપાણી અને અંજલીબેનનું સન્માન





જૂનાગઢ તા.૧૯
ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વ હેઠળ સુશાસનનાં પાંચ વર્ષ થતા તેઓનું સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ છેલભાઈ જોષી, જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજનાં પ્રમુખ કે.ડી. પંડયા, અશોકભટ્ટ, મુકેશમહેતા, શહેર ભાજપનાં પ્રમુખ પુનિત શર્મા, ડે.મેયર હિંમાશુ પંડયા, શૈલેષ દવે સહિતનાની ઉપસ્થિતિમાં છેલભાઈ જોષી તથા કે.ડી. પંડયાએ વિજયભાઈ અને અંજલીબેનનું સાલ ઓઢાડી જૂનાગઢ મનોરંજન સર્કીટ હાઉસ ખાતે સન્માન કરવામાં આવ્યું હતું.

# યંગ સોશ્યલ ગ્રુપ - પંચેશ્વર ટાવર દ્વારા સ્વતંત્રતા દિવસની હર્ષભેર ઉજવણી



જામનગર, તા.૧૯
યંગ સોશ્યલ ગ્રુપ પંચેશ્વર ટાવર જામનગર દ્વારા સ્વતંત્રતા દિવસની હર્ષભેર ઉજવણી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના પ્રમુખસ્થાને સ્વામિનારાયણ મંદિરનાં શાસ્ત્રી સ્વામીશ્રી ચતુર્ભુજદાસજી સ્વામી તેમજ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે સેબી રજિસ્ટર્ડ રિસર્ચ એનાલિસ્ટ -ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટનાં નિખિલભાઈ ભટ્ટનાં વરદહસ્તે ધ્વજવંદન પ્રસંગની રાષ્ટ્રીય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ ડેપ્યુટી મેયર તેમજ યંગ સોશિયલ ગ્રૂપનાં સલાહકાર સ્વ.ભરતભાઈ મહેતાને યાદ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, આ તકે જામનગરનાં મેયર બીનાબેન કોઠારી, શાસકપક્ષના નેતા કુસુમબેન પંડયા, વોર્ડ નંબર ૯ના કોર્પોરેટર નિલેશભાઈ કગથરા, ધીરેનભાઈ મોનાણી, ધર્મીનાબેન સોઢા, વોર્ડ નંબર ૧૫ના કોર્પોરેટર હર્ષાબા જાડેજા, શિક્ષણ સમિતિ ચેરમેન આકાશભાઈ બારડ, રાજકીય અગ્રણી ચીનાભાઈ, હરીશચંદ્રસિંહ જાડેજા, જીટીપીએલ મીડિયાના જયેશભાઈ રૂપારેલીયા, ડો.ડી.પી. શાહ, હર્ષિલ ભરતભાઈ મહેતા, અજયભાઈ શેઠ, જયેશભાઈ જોશી, જગદીશભાઈ દુલાની, કેતનભાઈ બદયાની, મનહરભાઈ ત્રિવેદી, પ્રવીણસિંહ જાડેજા, દિનેશભાઈ આલ, નિલેશભાઈ ઓઝા, ભરતભાઈ મોદી, વિરમભાઈ હુંગા, હિરલભાઈ ભટ્ટ, મૃગેશભાઈ દવે, વિરલભાઈ બારડ, ભરતભાઈ કલ્યાણી, ભાવેશભાઈ કોઠારી, સંદીપભાઈ પરમાર, બીમલભાઈ સોનછત્રા, યુનુસભાઈ સમા, જીતુભાઈ મકવાણાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહિત બનાવ્યો હતો. યંગ સોશ્યલ ગ્રુપનાં સલાહકાર નિખિલભાઈ ભટ્ટના સહયોગી આયોજનથી તેમજ સંસ્થાના પ્રમુખ પ્રવીણસિંહ સોલંકી, હાસમભાઈ મલેક, જયભાઈ દોશી, મહેશભાઈ રાવલ, જયેશભાઈ વસા, વિમલભાઈ સોની, મનોજભાઈ સોલંકી, રાજેશભાઈ રાવલ તેમજ શર્મીલાબા સોલંકી, જ્યોતિબેન મોખા અને મીનાબેન રાવલ વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

# ઉના : આકર્ષક રંગબેરંગી રાખડીઓથી બજાર ઉભરાયું



(નિરવ ગઢીયા દ્વારા)
ઉના, તા.૧૯
ઉના સહિત સોરઠ પંથકમાં અને સૌરાષ્ટ્રભરમાં રક્ષાબંધનના પર્વને લઈને બજારોમાં અવનવા પ્રકારની આકર્ષક રંગબેરંગી રાખડીઓથી બજાર ઉભરાયું છે અને રાખડીઓની ખરીદી કરવામાં આવી રહી છે. બહેન અને ભાઈના અમરપ્રેમના મહિમાને વર્ણવતા રક્ષાબંધનનો તહેવાર તા.૨૨ને રવિવારના રોજ આવી રહયો છે. બજારોમાં રૂા. ૫ થી રૂા.૫૦૦ સુધીની રાખડીઓનો ખજાનો જોવા મળી રહયો છે. રક્ષાબંધનના તહેવારને બળેવ તેમજ નાળીયેરી પૂનમ પણ કહેવામાં આવે છે. આ દિવસે યજ્ઞોપવિત ધારણ કરેલા બ્રહ્મસમાજ, ક્ષત્રિય સમાજ તેમજ લોહાણા રઘુવંશી સમાજ સહિતના વિવિધ સમાજો દ્વારા વહેલી સવારે શુભ મુર્હુતમાં ગાયત્રી મંત્રના જાપ સાથે જનોઈ બદલવાની વિધિ કરવામાં આવે છે. જયારે રક્ષાબંધનના દિવસે બહેનો પોતાના વીરાને કુમકુમ અને ચોખાથી વધામણા લે છે. ભાઈની સુખ સમૃદ્ધિ અને આયુષ્ય માટે પ્રાર્થના કરે છે. હજારો વર્ષોથી રક્ષાબંધનનો તહેવાર ભાવપૂર્વક ઉજવવામાં આવે છે.

# દ્વારકા ગુગળી બ્રાહ્મણ ૫૦૫ સમાજની ચૂંટણીમાં અશ્વિનભાઈ પુરોહિતનો ભવ્ય વિજય



દ્વારકા, તા.૧૯ : દ્વારકા ગુગળી બ્રાહ્મણ ૫૦૫ સમાજની ચૂંટણીમાં અશ્વિનભાઈ પુરોહિતનો ભવ્ય વિજય થયો હતો. અશ્વિનભાઈ પુરોહિતે (ગુરૂ) તેમના મુખ્ય હરીફ ઉમેદવાર પ્રદીપભાઈ ઉપાધ્યાય સામે સતત બીજી ટર્મ માટે જ્વલંત સફળતા મેળવી હતી. કુલ મતો પૈકી અશ્વિનભાઈ પુરોહિતને ૧૨૧૯ મતો મળ્યા હતા. જ્યારે હરીફ પક્ષના ઉમેદવાર પ્રદીપભાઈ ઉપાધ્યાય (એડવોકેટ)ને ૧૧૫૪ મતો મળ્યા હતા. અશ્વિનભાઈ ગુરૂનો ૬૫ મતે વિજય થયો હતો તેમજ ત્રીજા ઉમેદવાર અખીલ ઠાકરને ૪૦ મતો મળ્યા હતા.

# ભાવનગરની યુવતીએ જીપીએસસીમાં આસી.પ્રોફેસરની પરીક્ષા ઉતીર્ણ કરી



ભાવનગર તા.૧૯
ભાવનગરનાં વતની મીનાક્ષીબેન અને સ્વર્ગસ્થ મહેશચંદ્ર વ્યાસની પુત્રી રાધિકાબેને વર્ષ ૨૦૨૧માં ગાંધીનગરથી લેવાતી સૌથી કઠીન ગણાતી જી.પી.એસ.સી. વર્ગ-૨ અધિકારી તરીકે ગવર્મેન્ટ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસરની પરીક્ષા ઉતીર્ણ કરી છે. રાધિકાબેને નાનપણથી પિતાની છત્રછાયા ગુમાવી હતી. પિતાના અગ્નિ સંસ્કાર પણ બંને બહેનો કર્યા હતા. ઘરમાં આવી કરૂણ પરિસ્થિતિ વચ્ચે હિંમત હાર્યા વગર અડગ મનોબળ વચ્ચે માતા અને મોટા બહેન પ્રતિક્ષાએ રાધિકાને નાનપણથી અભ્યાસમાં આગળ વધે તે માટે પ્રોત્સાહન પુરૂ પાડયું હતું. ઘરની આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવા પુરૂષ સમોવડી બની બહેન પ્રતિક્ષાએ એલ.આઈ.સી.માં આસીસ્ટન્ટન તરીકે કામ કરતા અને માતા ગૃહિણી તરીકે કામ કરતા હતા. માતા અને બહેને ઘરની જવાબદારી સંભાળી પૂરી હિંમતથી રાધિકાને વર્ગ-૨ સુધીની સફરમાં પિતાની ખોટ ન વર્તાય તે રીતે જીવન ઘડતરમાં પુરો સહયોગ આપ્યો હતો. આ તકે રાધીકાબેન સમાજશાસ્ત્ર વિષયમાં વર્ગ-૨ ઓફીસર તરીકે સરકારી કોલેજના પ્રોફેસરની પસંદગી પામ્યા છે. પુરૂષ પ્રધાન સમાજમાં મહિલાઓ આજે આગળ આવી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડે છે.

# ખેડૂતો સાથે મત્સ્યોદ્યોગને બચાવવા પોરબંદરથી નિકળેલ કોંગ્રેસની પદયાત્રા સોમનાથ પહોંચતા સ્વાગત કરાયું

## દરીયામાં કેમીકલવાળુ પાણી છોડવાના નિર્ણય અંગે રાજય સરકારને સોમનાથ મહાદેવ સદબુધ્ધિ આપે તેવી કોંગી આગેવાનોએ પ્રાર્થના કરી

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા. ૧૯
જેતપુરના સાડી ઉદ્યોગનું કેમીકલવાળુ પ્રદુષિત પાણી પાઈપલાઈન મારફત પોરબંદરના દરીયામાં છોડવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. તેના વિરોધમાં ગાંધીભૂમિ પોરબંદરથી સોમનાથ મંદિર સુધીની પદયાત્રા પોરબંદર કોંગ્રસના આગેવાનોની ચાર દિવસ પૂર્વે નિકળેલ હતી. જે જુદા જુદા દરીયાકાંઠાના વિસ્તારોમાં ફરી સોમનાથ પહોંચતા સ્થાનીક કોંગ્રેસ માછીમાર સેલના આગેવાનોએ પદયાત્રાનું ખેસ પહેરાવી સ્વાગત કરેલ હતુ. કેમીકલવાળુ પાણી દરીયામાં છોડવાનો કરેલ નિર્ણય રદ કરે તે માટે રાજય સરકારને સદબુધ્ધિ આપે તેવી કોંગી આગેવાનોએ સોમનાથ મહાદેવને પ્રાર્થના કરી હતી.

ચાર દિવસ પૂર્વે પોરબંદર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નાથાભાઈ ઓડેદરાની આગેવાનીમાં વિશાલ બારાઈ, રાજેશ મોઢવાડીયા, અશ્વીનભાઈ મોતીવરસ, ગગનભાઈ થાપલીયા, અશોક વાળા સહિત કોંગી કાર્યકરોએ ગાંધીભૂમિ પોરબંદરના કિર્તી મંદિર ખાતેથી ખેડૂતો અને સાગરખેડૂ (માછીમારો)ને બચાવો અભિયાન હેઠળ પદયાત્રા શરૂ કરી હતી. આ યાત્રા માધુપુર ઘેડ, માંગરોળ, ચોરવાડ પંથકના દરીયાપટીના ગામોમાં ચારેક દિવસ સુધી ફર્યા બાદ સોમનાથ પહોંચી હતી. અહીંયા સોમનાથ કોંગ્રેસ માછીમાર સેલના અશ્વીન સુયાણી, શહેર કોંગ્રેસ પ્રમુખ દેવેન્દ્ર મોતીવરસ, મહિલા પ્રમુખ દેવીબેન ગોહેલ સહિતનાએ પદયાત્રામાં સામેલ કોંગી આગેવાનો-કાર્યકરોને ખેસ પહેરાવી સ્વાગત કરેલ હતુ. બાદમાં તમામ આગેવાનો-કાર્યકરોએ સોમનાથ મંદિરે જઈ મહાદેવને શીશ ઝુકાવી પૂજા-અર્ચના કરી રાજય સરકાર કેમીકલવાળુ પાણી સમુદ્રમાં છોડવાનો નિર્ણય રદ કરી અન્ય વ્યવસ્થા તરફ વિચાર કરે તેવી પ્રાર્થના કરી હતી. આ પદયાત્રાનું સ્વાગત કરવામાં કોંગ્રેસના વિરેન્દ્ર ચુડાસમા, પ્રેમ ગઢીયા, કાજલબેન ભજગોતર, જેસલભાઈ ભરડા, હિતેશ સોલંકી સહિતના કાર્યકરો હાજર રહયા હતા.

આ પદયાત્રા કરવા અંગે કોંગી આગેવાનોએ જણાવેલ કે, જેતપુરના સાડી ઉદ્યોગનું કેમીકલવાળુ પાણી છોડવા માટે જેતપુરથી પોરબંદર સુધીની પાઈપ લાઈન નાખવાના કામનો રાજય સરકારે કોન્ટ્રાકટ પણ આપી દીધેલ છે. જેના લીધે પોરબંદર ઉપરાંત દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના માછીમારો અને ખેડુતોને મોટું નુકશાન થશે. જેનું કયારેય ભરપાઈ ન થઈ શકે તેવું અકલ્પનીય નુકશાન ખેડુતો તથા માછીમારોને આગામી સમયમાં થશે. તેના કારણે અસરગ્રસ્ત ખેડૂતો અને માછીમારોને ભીખ માંગવાનો વારો આવે તેવા સંજોગો ઉભા થાય તેવી દહેશત વર્તાય રહી છે. દરીયામાં કેમીકલવાળુ પાણી છોડવાથી પોરબંદર, દ્વારકા, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના સેંકડો કિલોમીટર સુધીના દરીયામાં માછલીઓ નાશ પામશે જેના લીધે માછીમારીનો ધંધો સંપૂર્ણ બંધ થઈ જશે ત્યારે માછીમારો પાયમાલ થઈ જશે તેવો ડર માછીમારોને સતાવી રહયો છે ત્યારે માછીમારો અને મતસ્યોદ્યોગના હિતનું વિચાર કરે તેવી રાજય સરકારને સદબુધ્ધિ આપે તેવી સોમનાથ મહાદેવને પ્રાર્થના કરી છે.

# વેરાવળ : તાઉતે વાવાઝોડામાં સારી કામગીરી બદલ સન્માન કરાયું



(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ તા. ૧૯
થોડા સમય પૂર્વે ગીર સોમનાથ જિલ્લામાં ત્રાટકેલ તાઉતે વાવાઝોડાના કપરા સમયે લોકોની મદદ કરવાની ભાવનાએ તંત્ર સાથે દિવસ-રાત કામગીરી કરવા બદલ વેરાવળની રેયોન કંપનીના હેડ લાઈઝન અધિકારી લક્ષેષ ગોસ્વામીને જિલ્લાકક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણીમાં ગીર સોમનાથ જીલ્લા કલેકટરના હસ્તે સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ક્લાઈમેટ ચેન્જ રોકવામાં નિષ્ફળ રહીશું તો તેનાં પરિણામો કેવા દુષ્કર ?

ગ્લોબલ વોર્મિંગ બાબતે વિશ્વના દેશોને ચેતવણી મળી ચૂકી છે છતાં વિકાસની આંધળી દોડમાં દોડતા દેશો ગ્લોબલ વોર્મિંગને કારણે આવનાર ગંભીર પરિણામોને રોકવા પ્રયાસો કરશે કે કેમ તે મોટો સવાલ છે.....? કારણ વર્ષોથી ગ્લોબલ વોર્મિંગ બાબતે વૈજ્ઞાનિકો ચેતવણી આપતા આવ્યા છે અને વિશ્વના દેશો વૈજ્ઞાનિકોની ચેતવણીને મહત્વ આપતા હોય તેમ દેખાડો કરવા યુનો ખાતે વિશ્વના દેશોની બેઠકો યોજાતી રહે છે. અને ક્લાઈમેટ ચેન્જ રોકવા માટેના પગલા લેવાની મોટી મોટી વાતો કરી ખાધું પીધું અને વિખરાઈ જાય છે...! તે સાથે ગ્લોબલ વોર્મિંગ અટકાવવા જે-તે દેશો પોતાના દેશમાં પગલાં નથી ભરતા અને પાછા વિકાસના નામે જળ-વાયુ પ્રદૂષણ ઓકતા ઉદ્યોગ-ધંધાને પ્રોત્સાહન આપતા રહ્યા છે. હવે એવી સ્થિતિ ઉદભવવા જઈ રહી છે કે માત્ર બે ડિગ્રી તાપમાન વધશે તો વિશ્વના અનેક દરિયા કિનારા વિસ્તારોને દરિયો ગરક કરી જશે. કેટલાક નાના મોટા શહેરોનું નામોનિશાન કદાચ નહીં રહે તેમજ માનવજાતની ગરમી સહન કરવાની ક્ષમતા ઘટી જતા તેનાં દુષ્પરિણામો આવવાની શક્યતા સવિશેષ છે. વિશ્વના દેશોને ક્લાઈમેન્ટ ચેન્જથી ખરબો ખરબો ડોલરનું નુકશાન થઈ ચૂક્યું છે. જેને અટકાવવા યુનો ખાતે બેઠકો મળે છે. પરંતુ પગલા લેવામાં મોટાભાગના દેશો આગળ વધતા જ નથી... પરિણામે વિશ્વભરનો મોટામાં મોટો બર્ફીલો વિસ્તાર આર્ટેન્ટાઈકાના બરફ ઓગળવાની શરૂઆત પછી તેમાં ગતિ વધી છે અને આવનાર સમયમાં કેટલાક દ્વિપો કે દ્વિપકલ્પો સમુદ્રમાં ગરકાવ થઈ જશે તે નિશ્ચિત છે.....! જર્મનની પર્યાવરણીય સંસ્થા જર્મન વોચ દ્વારા થોડા સમય પહેલા જાહેર કરેલા અહેવાલમાં સ્પષ્ટ દર્શાવ્યું છે કે ક્લાઈમેટ ચેન્જથી વિશ્વને ૨૦ વર્ષમાં ૨.૫૬ ટ્રીલિયન ડોલરનું નુકશાન થયું, ઘાતક હવામાનને કારણે ૪.૭૫ લાખના મૃત્યુ થયા છે. વિશ્વના દેશો આ બાબતે સારી રીતે જાણે છે છતાં ક્લાઈમેંટ ચેન્જ અટકાવવા જોઈતા જરૂરી પગલાં લેતાં જ નથી.....!

વિશ્વભરમાં ૨૫ ટકા જમીન છે અને ૭૫ ટકા પાણી છે. જે બાબતને સમજવાની જરૂર છે. આટલાંટિકાનો બરફ જેમ જેમ ઓગળતો જશે તેમ તેમ અનેક નાના મોટા દેશો પાણીમાં ગરકાવ થઈ જશે. વિશ્વના દેશો ક્લાઈમેટ ચેન્જની વાતો કરી બધુ ભૂલી જવામાં આવળ છે જે સત્ય હક્કીત છે.....! જો કે વાયુ તથા જળ પ્રદૂષણ ઓકતા કે પેદા કરતા એકમો સંસ્થાનોને આયોજન સાથે આકરા ઠોસ પગલા લેવા જરૂરી છે. જો પ્રદૂષણ રોકવા ઠોસ પગલાં લેવામાં નહીં આવે તો તેના એવા દુષ્કર પરિણામો આવશે કે તેની કલ્પના કરતા રૂવાડા ખડા કરી દે છે. તકલીફ એ છે કે ક્લાઈમેન્ટ ચેન્જ રોકવા વધુ વૃક્ષોનું વાવેતર કરવું જરૂરી છે પરંતુ થાય તેનું ઉલટું.... દરેક દેશો દર ? વર્ષે સરેરાશ ૧૫ કરોડ વૃક્ષોનું નિકંદન કાઢી નાખે છે. તો સરકાર અને માનવ જાત પાછું વળીને જોતા નથી. જે તે દેશની સરકારો વિકાસના નામે જળ- વાયુ પ્રદૂષણ ઓકતા ઔદ્યોગિક વસાહતો ઊભી કરવાના બહાને જંગલો વૃક્ષોનો સફાયો કરતા આગળ વધી રહ્યા છે. અને તેનું કારણ છે દરેક દેશોને ભૌતિક વિકાસનું વળગણ.... તેમાં પણ એક બીજા દેશો વચ્ચે સ્પર્ધા અને તેમાં પણ માનવજાત પશુ-પક્ષીઓ, (જીવ-જંતુઓ જે વાતાવરણ માટે ઉપયોગી છે) વગેરેને ઓક્સિજન આપતા વૃક્ષોનુ નિકંદન કાઢી તેના સ્થાને આડેધડ સિમેન્ટ, કોંક્રેટના જંગલની વણજારો ઊભી કરવા લાગ્યા છે. જેના કારણે ફળદ્રુપ જમીનનો પણ ખાતમો બોલાઈ રહ્યો છે. અને તે કારણે માનવજાત માટેના કૃષિ ઉત્પાદનોની જરૂરતો પુરી નહીં થઈ શકે, રોગચાળો વિવિધ રૂપે પેદા થશે. જે માનવજાત સહિતના મોટામાં મોટું નુકશાન કરશે... આ તમામ વિગતો વિશ્વની વિવિધ માન્ય સંસ્થાઓ, તજજ્ઞો દ્વારા પ્રસિધ્ધ થયેલ અહેવાલો ઉપરથી ફલીત થાય છે......!

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મોટી મોટી ભૂલોના મૂળમાં અહંકાર રહેલો છે

- રસ્કિન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ સુદ-૧૨ બૃહસ્પતિ પૂજન (સવારે ૬:૩૫ ક. સુધી), પવિત્રા બારસ, વિષ્ણુ પવિત્રા રોપણ, બુધ્ધદ્વાદશી, દામોદર દ્વાદશી, મુ. મોહરમ-તાજીયા તા.૧૯ ઓગષ્ટ ૨૦૨૧, ગુરૂવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૧૦, પૂર્વાષાઢા નક્ષત્ર, પ્રીતિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૧૯:૨૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), પરોઢના ૪:૨૨ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. મનમાં મુંઝવણ અનુભવાય.
વૃષભ : પુરૂષાર્થનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. તબિયત સંભાળવી.
મિથુન : ધીરજના ફળ મીઠા મળે. પ્રવાસથી લાભ થાય.
કર્ક : દિવસ પ્રગતિકારક વ્યતિત થાય. મનની મૂંઝવણ દૂર થાય.
સિંહ : સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. વેપારી વર્ગને લાભ થાય.
કન્યા : વ્યર્થ માનસિક અશાંતિ અનુભવાય ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા : માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. વડીલ વર્ગથી લાભ થાય.
વૃશ્ચિક : નવિન ખરીદીના યોગ છે. માનસિક તનાવમાં હળવાશ અનુભવાય.
ધન : નવું આર્થિક આયોજન સફળતાથી પાર પાડી શકશો. વ્યર્થ દોડા-દોડી રહે.
મકર : મહત્વની સામસ્યાનો ઉકેલ મળે. માનસિક અશાંતિ રહે.
કુંભ : નવિન લાભની તક સાંપડે. અગત્યના કાર્યમાં પ્રગત્તિ થાય.
મીન : લાભની આશા ઠગારી નીવડે. શત્રુઓ પ્રબળ બને.

# ગુજરાતમાં પણ સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ, રોજગારીને થશે પ્રતિકુળ અસર

## ૭૫ માઈક્રોનથી નીચેના પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધથી ૩૫૦૦ જેટલા યુનિટોને રૂા.૨૦૦ કરોડનો મોડિફિકેશન ખર્ચ કરવો પડશે

અમદાવાદ તા.૧૯

સિંગલ યુઝ પ્લાસ્ટિક પોલિસી અંતર્ગત ૭૫ માઈક્રોનથી નીચેના પ્લાસ્ટિક ઉપર સપ્ટેમ્બરથી પ્રતિબંધ આવી રહ્યો છે. આ નીતિ અમલી બનશે તો બજારમાંથી પાણી અને આઈસક્રીમના પ્લાસ્ટિકના કપ, ચોકલેટ રેપર તેમજ નાસ્તા-ભોજન પ્રસંગે ઉપયોગમાં લેવાતી પ્લાસ્ટિકની ડિસ્પોઝેબલ ડિશો-ચમચીઓ બજારમાંથી ગાયબ થઈ જશે. આ પ્રકારના ઓછા માઈક્રોનની પ્લાસ્ટિક આઈટમોનું પ્રોડક્શન અંગે પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીના લોકોએ જણાવ્યું કે, રાજયમાં આવા અંદાજે ૩૫૦૦ નાના ઉત્પાદકો છે અને તેમને કામ ચાલુ રાખવા માટે પોતાના યુનિટને અપગ્રેડ કરવા પડશે. આ અપગ્રેડેશન માટે એક યુનિટદીઠ આશારે રૂા.૫ લાખ જેવો ખર્ચ આવી શકે છે. સંયુક્ત રીતે નાના યુનિટોને આમાં રૂા.૨૦૦ કરોડ સુધીનો ખર્ચ આવી શકે છે અને અંદાજે ૭૦ હજાર લોકોની રોજગારી પ્રભાવિત થવાનો પણ ખતરો છે. ગુજરાત રાજય પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના પ્રેસિડેન્ટ શૈલેષ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં પ્લાસ્ટિકના ૧૦થી ૧૨ હજારની આસપાસ યુનિટ ચાલી રહ્યા છે, જેમાં તમામ પ્રકારની પ્લાસ્ટિકની આઈટેમો બને છે. એમાંથી ૩૦ ટકા એટલે કે અંદાજે ૩૫૦૦ આસપાસ યુનિટ એવા છે, જે ૭૫ માઈક્રોનવાળા પ્લાસ્ટિકની પ્રોડક્સ બનાવે છે. એમાં કેરી બેગ, થર્મોકોલ, ચાના કપ સહિતની વસ્તુઓ સામેલ છે. ત્યારે હવે સરકાર ૭૫થી ઓછા માઈક્રોનવાળા પ્લાસ્ટિક (સિંગલ યુઝ પ્લાસ્ટિક) ઉપર પ્રતિબંધ લગાવશે તો એનું સૌથી વધુ નુકશાન ૪૦૦૦ની આસપાસ યુનિટોને પહોંચશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકારના નવા નિયમથી સૌથી વધુ નુકશાન નાના યુનિટોને પડશે. કારણે કે, તે ઉત્પાદકોએ પોતાની મશીનરીને અપગ્રેડ કરવી પડશે, એટલે કે જે ઉત્પાદકો પાસે ૫૦ માઈક્રોનના યુનિટ છે તેઓને જો ૭૫ માઈક્રોન સુધી અપગ્રેટ કરવામાં વધારે ખર્ચ નથી થાય. ૫૦થી ૭૫ માઈક્રોન અપગ્રેટ કરવા માટે પર મશીન ૩થી ૫ લાખ રૂપિયાનો ખર્ચ થઈ શકે છે. પરંતુ જે યુનિટને ૧૨૦ માઈક્રોન સુધી અપગ્રેટ કરવામાં આવે તો ખર્ચ લાખોમાં પહોંચી શકે છે. કારણે કે, તે મશીનરીમાં અનેક મોટા ફેરકાર કરવા પડશે. આવામાં નાના ઉત્પાદકો ઉપર ખર્ચનો ભાર વધશે. પહેલાથી જ કોરોનાના કારણે અનેક યુનિટ ૨ વર્ષથી બંધ હતા. ત્યારે હવે સરકારના નવા નિયમ આવતા મશીનરી તેમજ કારીગરોનો પગાર કેવી રીતે કાઢવો તે મોટો સવાલ છે. બીજી તરફ બેંક તરફથી પણ લોનની મદદ નથી મળી રહી. સરકારે કહ્યું હતું કે, ૧ કરોડ રૂપિયા સુધીની કોલેક્ટ્રોલ ફ્રી લોન આપવી પરંતુ કોઈ બેંક આપતી નથી.



### ૭૫ થી ૧૨૦ સુધીના માઈક્રોનથી બનતી પ્રોડક્ટ

૭૫ થી ૧૨૦ માઈક્રોનથી અનેક પ્રોડક્ટ બનાવવામાં આવે છે, જેવી કે, કેરી બેગ, ચાના કપ, કાન સાફ કરવા માટે પ્લાસ્ટિક સ્ટિક, ફુગ્ગાઓ માટે પ્લાસ્ટિક સ્ટિક, પ્લાસ્ટિકના ધ્વજ, કેન્ડી સ્ટિક, આઈસક્રીમ સ્ટિક, પ્લેટ્સ, કપ, ચશ્મા, પ્લાસ્ટિકની કાંટા ચમચી, છરીઓ, સ્ટ્રો, ટ્રે, રેપિંગ, મીઠાઈ બોક્સ, ઈન્વિટેશન કાર્ડ્સ તેમજ સિગારેટના પેકેટના પેકિંગમાં આ પ્રકારના પ્લાસ્ટિક વપરાય છે.

### પ્લાસ્ટિકથી બનતી પ્રોડ્ક્ટના ભાવ વધશે

નવા નિયમ બાદ ઉત્પાદકોની સાથે સામાન્ય વ્યક્તિને પણ નુકશાન પહોંચશે. કારણ કે, હવે યુનિટને અપગ્રેટ કરવા પાછળ ખર્ચ વધશે પ્લાસ્ટિકથી બનતી પ્રોડક્ટના પણ ભાવમાં વધારો થશે. એટલે કે હાલમાં ૫૦ માઈક્રોલથી બનેલી પ્લાસ્ટિકની થેલી ૧૦ રૂપિયામાં મળે છે, તેનો ભાવ વધીને ૧૫ રૂપિયા થઈ જશે. સાથે જ ચાના કપ, થર્મોકોલ સહિતની પ્રોડક્ટના ભાવમાં વધારો થશે. આ વિષે અમે સરકારને અનેક રજૂઆતો પણ કરી હતી કે, માઈક્રોનના નિયમમાં ફેરફારની સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ પણ રોડ બનાવવા માટે કરવામાં આવે છે. એવું કહેવાય છે કે, સામાન્ય રોડ કરતા પ્લાસ્ટિકથી બનતો રોડ ત્રણ ઘણો વધારે મજબૂત હોય છે. સાથે જ પ્લાસ્ટિકથી થતા પોલ્યુશનને પણ અટકાવી શકાય છે તેમ શૈલેષ પટેલ જણાવે છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્લાસ્ટિકના નિયમોમાં સુધારો કરીને, ૨૫ સપ્ટેમ્બરથી ડિસેમ્બર ૨૦૨૨ સુધી તબક્કાવાર રીતે પહેલા ૭૫ માઈક્રોનના પ્લાસ્ટિકના ઉપયોગ અને ઉત્પાદન ઉપર પ્રતિબંધ મૂકી રહી છે. એટલે કે, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧થી પ્લાસ્ટિકની કેરી બેગ ૬૦ ગ્રામ પ્રતિ ચોરસ મીટરથી ઓછી ન હોવી જોઈએ. સાથે જ ૨૦૨૨ના ડિસેમ્બર મહિનાથી ૧૨૦ માઈક્રોનથી બનતા પ્લાસ્ટિક ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવશે. અર્બન ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટે તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને સિવિલ ઓથોરિટીને સિંગલ યુઝ પ્લાસ્ટિકના વેંચાણકર્તાઓ તેમજ ઉત્પાદકો સામે કડક કાર્યવાહી કરવા માર્ગદર્શિકા જારી કરશે. ૭૫થી ૧૨૦ સુધીના માઈક્રોનથી બનતી પ્રોડક્ટ ૭૫થી ૧૨૦ માઈક્રોનથી અનેક પ્રોડક્ટ બનાવવામાં આવે છે.

# મંજૂરી વગર ખડકાયેલા વધારાના બાંધકામો ઉપર તંત્ર કડક કાર્યવાહી કરશે

## ઈમ્પેકટ ફીના કાયદાની મુદત પૂરી થયા બાદ અનેક ગેરકાયદેસર બાંધકામો ખડકાઈ ગયા

રાજકોટ તા.૧૯

રાજકોટ શહેરમાં કાયદેસર બાંધકામોમાં વધારાનું બાંધકામ કરવા માટે ઈમ્પેકટ ફીનો કાયદો અમલમાં આવેલ. પરંતુ, આ કાયદાની સમયમર્યાદા પૂર્ણ થયા બાદ અનેક આસામીઓએ પરમીશન મેળવેલ બાંધકામોમાં વધારાનું બાંધકામ કરી લીધેલ હોય આગામી દિવસોમાં મંજૂરી વગર કરવામાં આવેલા બાંધકામોનો સર્વે કર્યા બાદ ડિમોલીશન સહિતના પગલા લેવામાં આવશે. તેમજ કમ્પલીશન સર્ટી કેટલા બાંધકામોએ મેળવેલ છે તે બાબતની પણ વિગત એકઠી કરવામાં આવશે તેમ મ્યુનિ. કમિશ્નર અમિત અરોરાએ જણાવ્યું હતું. મ્યુનિ. કમિશ્નર અમિત અરોરાએ જણાવેલ કે, અગાઉ મનપાના અનામત પ્લોટ ઉપર ગેરકાયદેસર બાંધકામો ખડકાઈ ગયા છે. જેનું ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે હવે પછી સાર્વજનિક પ્લોટ ઉપર બાંધકામો થયે જવાબદારી આસિ. ટાઉન પ્લાનર અને સર્વેયરની ઠેરવવામાં આવી છે. પરંતુ, જૂના બાંધકામોમાં ફેરફાર કરી વધારાના બાંધકામો કરી લેવામાં આવ્યા હોય તે પ્રકારની અનેક મિલકતો હોવાનું બહાર આવ્યું છે. અગાઉ ઈમ્પેકટ ફી નિયમ હેઠળ ટીપી વિભાગમાં વધારાના બાંધકામની ફી ભર્યા બાદ મંજૂરી મેળવી બાંધકામો કરવામાં આવતા હતા. પરંતુ, આ નિયમની સમયમર્યાદા પૂર્ણ થઈ જતાં અનેક આસામીઓએ ટાઉન પ્લાનિંગ વિભાગની મંજૂરી લીધા વગર વધારાના બાંધકામો કરી લીધા છે. આ પ્રકારના બાંધકામો થયા હોય તે પ્રોપર્ટી પાસે જૂનું કમ્પલીશન સર્ટી હોવાનું પણ ધ્યાનમાં આવ્યું છે. જયારે મિલકતનું વેંચાણ થાય અને નવા કમ્પ્લીશનની જરૂર પડે ત્યારે વધારાના બાંધકામો બહાર આવતા હોય છે. પરંતુ સુચિત સોસાયટીઓમાં આ પ્રકારના થયેલા બાંધકામો ક્યારેય બહાર આવતાં નથી. આથી ટાઉન પ્લાનિંગ વિભાગ પાસે કમ્પ્લીશન સર્ટી તેમજ વધારાના બાંધકામની મંજૂરી માંગવામાં આવી હોય તે પ્રકારની તમામ મિલકતોનું લિસ્ટ માંગવામાં આવશે. ત્યારબાદ સર્વેની કામગીરી શરૂ કરવામાં આવશે. સર્વે દરમ્યાન જો પ્લાન મુજબના બાંધકામ સિવાયના વધારાનું બાંધકામ બહાર આવશે ત્યારે આસામીએ બાંધકામ કાયદેસર કરવા માટે ટાઉનપ્લાનિંગ વિભાગને અરજી કરવાની રહેશે અને મંજૂરી મળશે તો આ પ્રકારના બાંધકામને કાયદેસર ઠેરવવામાં આવશે નહીંતર આ બાંધકામો તોડીપાડવા સુધીની કામગીરી હાથ ધરાશે. રાજકોટ શહેરમાં મનપાની માલિકીના ખાલી પ્લોટ ઉપર દબાણ હટાવવાની સાથો સાથ હવે પછી દબાણ ન થાય તે માટે જે-તે વિસ્તારના આસી. ટાઉન પ્લાનર અને સર્વેયર ઉપર જવાબદારી ફીકસ કરવામાં આવી છે. સાથો સાથ મંજૂરી વગર ખડકાયેલા વધારાના બાંધકામો દૂર કરવા માટે પણ ટીપી વિભાગને સર્વે કરવા સહિતની સૂચના આપવામાં આવી છે. છતાં આ પ્રકારની કામગીરી તો અંતે ટીપી વિભાગને જ કરવાની થશે. આથી મંજૂરી ન લીધી હોય અને વહીવટ થઈ ગયો હોય તે પ્રકારના વધારાના બાંધકામોની માહિતી ટાઉનપ્લાનિંગ વિભાગ આપશે કે કેમ ? તેવું ચર્ચાઈ રહ્યું છે.

# અફઘાનિસ્તાનમાં તાલીબાનનાં રાજથી ભારત ઉપર તોળાતો ઉગ્રવાદનો ખતરો

નવી દિલ્હી તા.૧૯

અફઘાનિસ્તાન ઉપર આખરે તાલિબાનનો કબજો થઈ ચૂક્યો છે. રાષ્ટ્રપ્રમુખ અશરફ ગની દેશ છોડી ગયા છે. અત્યાર સુધી ત્યાં લોકતાંત્રિક સરકાર હતી એટલે ભારત વતી અફઘાનિસ્તાનને અનેક પ્રકારની મદદ કરવામાં આવતી હતી, પણ હવે તાલિબાન હકૂમત આવતાં સવાલ એ છે કે ભારતનું વલણ શું હશે અને ભારત-અફઘાનિસ્તાનના સંબંધો ઉપર કેવા પ્રકારની અસર પડશે. જાણકારોનું માનવું છે કે તાલિબાનને અફઘાનિસ્તાનમાં મૂળિયાં ઊંડાં ઉતારવા દેવામાં આડકતરી રીતે પડોશી દેશ પાકિસ્તાનનો હાથ છે. ભારત માટે આ ખૂબ ચિંતાજનક બાબત છે. અફઘાનિસ્તાનની ધરતીનો ભારત વિરૂદ્ધ ઉપયોગ કરવા નહીં દેવાય એવી તાલિબાનની જાહેરાત આવકારપાત્ર છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ કેવો વળાંક લે છે તે જોવાનું રહે છે. બે દાયકા પછી ફરી એક વાર અફઘાનિસ્તાન ઉપર તાલિબાનનું વર્ચસ્વ સ્થાપિત થયું છે. તાલિબાન જે રીતે મધ્ય એશિયાના દેશો અને ઈરાનની સીમા ઉપરનાં શહેરો કબજામાં લઈ રહ્યું છે, તે ભારતની ઊર્જા સુરક્ષા માટે પડકારરૂપ બની જશે. વાત ચાબહાર બંદર, તાપી ગેસ પાઈપ લાઈન પ્રોજેકટની સુરક્ષાની હોય કે પછી આંતરરાષ્ટ્રીય ઉત્તર દક્ષિણ કોરિડોર નિર્માણની. જો તાલિબાન અફઘાનિસ્તાનને રાજકીય સ્થિરતા નહીં આપી શકે તો સમસ્યા ઓર વધી જશે. તાલિબાનના રાજમાં હિન્દુ લઘુમતીઓ, ભારતીય નાગરિકો, બૌદ્ધો, હજારો શિયાઓ ઉપરના હુમલા વધી જશે. તાલિબાનની અફઘાનિસ્તાનમાં સત્તા આવ્યા પછી એક વાત તો નક્કી છે કે આતંકવાદનો સામનો કરવામાં ક્ષબતા વિશ્વનાં રાષ્ટ્રોની મુશ્કેલી વધી જશે, કારણ કે જ્યારે જ્યારે અફઘાનિસ્તાનને લોકતાંત્રિક, આધુનિક માનવ અધિકારવાળો મહિલા સશક્તીકરણ ધરાવતો દેશ બનાવવાના પ્રયાસ વિકસિત દેશો દ્વારા કરવામાં આવ્યા છે ત્યારે આ બાબતોને બિનઈસ્લામિક ગણાવી તાલિબાને વળતો હુમલો કર્યો જ છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન હોવાનો અર્થ એ પણ છે કે ત્યાં હવે પાકિસ્તાની સેના અને તેની જાસૂસી એજન્સીઓનો પ્રભાવ નિર્ણાયક બની જશે. અફઘાનિસ્તાનમાં છેલ્લા બે દાયકાથી ચલાવવામાં આવેલી વિકાસ અને માળખાકીય સવલતોની યોજનાઓમાં ભારતની ભૂમિકા સંકોચાઈ જશે. ભારતે ત્યાં કરેલું રોકાણ હાલ પૂરતું તો ફળહીન બની શકે છે. ભારતના પાડોશમાં કટ્ટરપંથી અને ઈસ્લામિક આતંકી સમૂહો વધવાનો ભય ઊભો થયો છે. સ્પષ્ટ છે કે ભારત ઉપર અનેક રીતે અસર પડવાની છે. જોવાનું રહેશે કે ભારત કેવી રીતે આ પડકારોને પહોંચી વળે છે.


## સાળંગપુર : હનુમાનજીદાદાને પવિત્રાનો શણગાર કરાયો



સાળંગપુર, તા.૧૯

સાળંગપુર ધામના સુપ્રસિધ્ધ શ્રી કષ્ટભંજનાદેવ હનુમાનાજી મંદિરમાં શ્રાવણ માસા પવિત્રા એકાદશી નિમિત્તે તા.૧૮/૮/૨૦૨૧ના બુધવારના રોજ દાદાને પવિત્રાનો દિવ્ય શણગાર કરવામાં આવેલ તથા શણગાર આરતી સાવારે ૫:૪૫ કલાકે પૂજારી સ્વામી ધર્મકિશોરદાસાજી દ્વારા કરાવમાં આવી હતી. આ દિવ્ય દર્શનનો ઓનલાઈન લાભ અનેક ભકતોએ લઈ ધનાયતાનો અનુભવ કરેલ હતો.

## શુક્રાચાર્યએ શિવ સાધના વડે સંજીવની વિદ્યાને પ્રાપ્ત કરી



### શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

દેવેન કનકચંદ્ર વ્યાસ

એક વખત દૈત્યોના ગુરૂ શુક્રાચાર્યએ પોતાના શિષ્યો દાનવોની દેવો સામે યુધ્ધમાં કારમો પરાજય જોઈ અત્યંત વ્યથિત થયા. તેમણે તપસ્યાના બળ વડે દેવોને હરાવવાની પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞા કરી તેઓ અર્બુદ પર્વત ઉપર તપસ્યા કરવા ચાલ્યા હતા. અર્બુદ પર્વત (આબુ) માં ભુમિની અંદર ગુફા બનાવી તેમાં પ્રવેશ કરી 'શુક્રેશ્વર' નામના શિવલીંગની સ્થાપના કરી. આ શિવલીંગની તેમણે શ્રધ્ધા-ભક્તિ સાથે ષોડશોપચારે પુજા-અર્ચના કરી અને શિવ સાધનાનો આરંભ કર્યો. નિરાદાર અને એક ધ્યાન સાથે તેમણે શિવજીને પ્રસન્ન કરવા દારૂણ તપનો પ્રારંભ કર્યો. આ પ્રકારે તપ કરતાં કરતાં એક હજાર વર્ષ વિતી ગયા. તેના તપથી પ્રસન્ન થયેલા શિવજીએ શુક્રાચાર્યને સાક્ષાત દર્શન આપ્યા. પછી કહ્યુ, 'હું તમારી સાધનાથી પ્રસન્ન થયો છું માટે વરદાન માંગો. તમારી ઈચ્છા હું અવશ્ય પરિપુર્ણ કરીશ.' દાનવોના ગુરૂ શુક્રાચાર્ય એ હાથ જોડી અને શિવજીને પ્રાર્થના કરી ' હે દેવાધિદેવ મહાદેવ, જો આપ મારી ઉપર ખરેખર પ્રસન્ન થયા જ હો તો મને એવી વિદ્યા આપો કે જેના વડે હું યુધ્ધમાં મરેલાને પણ જીવતા કરી શકું.' પ્રસન્ન થયેલા શિવજીએ મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરવાવાળી તથા મરેલા પ્રાણીને પણ જીવતા કરનારી શક્તિવાળી સંજીવની વિદ્યા વરદાનના રૂપમાં આપી. અને કહ્યું 'હજુ બીજુ કંઈ પણ માંગવું હોય તો માંગો.' ત્યારે શુક્રાચારય એ કહ્યુ, 'પ્રભુ, કારતક મહિનાની શુકલ પક્ષની આઠમના જો આ શુક્રેશ્વર મહાદેવના મંદિરના શિવલીંગનું ભક્તિપુર્વક પુજન-અર્ચન કરે તોને અપમૃત્યુનો કદાપી ભય ન રહે. ત્યારે મહાદેવજીએ, 'તથાસ્તુ' કહી અનો શુક્રાચાર્યને તેના મનગમતા વરદાન આપી કૈલાસ પર્વત તરફ પ્રયાણ કર્યુ. આ વરદાન મેળવી શુક્રાચાયએ યુધ્ધમાં મૃત્યુ પામેલા અસંખ્ય દૈત્યોને ફરીથી જીવતા કરી દેતા દેત્યોને પરાજીત કરવું દેવો માટે કઠીન બાની ગયું. આ શુક્રતીર્થમાં પિતૃઓની શ્રાધ્ધાદિક ક્રિયા કરવાથી પિતૃગણ સંતુષ્ટ થાય છે. આ પવિત્ર તીર્થક્ષેત્રમાં પુજન-અર્ચન કરવાથી મનુષ્ય બધા જ પ્રકારના પાપોમાંથી મુકત થઈ જાય છે. તોને અલ્પમૃત્યુ કે અપમૃત્યુનો ભય નથી રહેતો.

# પેટ્રોલ-ડીઝલના વેંચાણમાં માર્જીન વધારવાની માંગ સાથે પેટ્રોલપંપ સંચાલકો દ્વારા કાળા કપડા પહેરી વિરોધ પ્રદર્શન

રાજકોટ તા.૧૯

પેટ્રોલ-ડીઝલના વેંચાણ ઉપર માર્જીન નહી વધતા સંચાલકોએ ગુરૂવારે ખરીદ અને વેંચાણ બંધ રાખતા કોઈ નિર્ણય નહીં આવતા આંદોલનને આક્રમક બનાવવા 'નો-પરએજ' અને સીએનસી એક કલાક નહી પુરવાની સાથે માલિકો કાળા કપડા પહેરી અને સરકાર સામે વિરોધ કર્યો હતો માર્જિનમાં વધારો નહિ થતા પેટ્રોલ-ડીઝલ પંપ સંચાલકોએ તેનો વિરોધ કરવા માટે નો-પર્ચેઝ અભિયાન શરૂ કર્યું છે. જેના પ્રથમ તબક્કામાં પેટ્રોલ-ડીઝલના સંચાલકોએ મંગળવારે બપોર બાદ પેટ્રોલ-ડીઝલની ખરીદી બંધ રાખી હતી અને બપોરે ૧:૦૦ થી ૨:૦૦ સુધી સીએનજીનું વેંચાણ બંધ રાખ્યું હતું. નો-પર્ચેઝ અભિયાનના બીજા ગુરૂવારે રાજ્યભરના પેટ્રોલ પંપના સંચાલકો અમદાવાદમાં કાળા ટેન્ટમાં કાળા કપડાંમાં બેસીને પોતાનો વિરોધ કર્યો હતો. રાજકોટ ડિસ્ટ્રિક્ટ પેટ્રોલ-ડીઝલ ડીલર એસોસિએશનના પ્રમુખ ગોપાલભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, નો-પર્ચેઝ અભિયાનને વધુ મજબૂત બનાવવા માટે શરૂ કરવામાં આવેલ છે. અમદાવાદ ખાતે આજે સવારે ૧૦:૦૦ કલાકે એક ટેન્ટ બનાવીને ઉપવાસા શરૂ કરવામાં આવેલ છે. જેમાં દરેક ડિસ્ટ્રિક્ટમાંથી બે કે ત્રણ લોકો જોડાયા છે અને કાળા કલરનાં કપડા પહેરીને વિરોધ પ્રદર્શન કરી રહેલ છે. એક તરફ પેટ્રોલના ભાવ વધે છે અને બીજી તરફ પેટ્રોલપંપ સંચાલકો માર્જિનના વધારાની માંગ કરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.


# અંધ કન્યા છાત્રાલયમાં ગોકળદાસ પુરૂષોત્તમ રાણીંગા હોલનું લોકાર્પણ કરાયું




જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જવાહર રોડ ઉપર આવેલ અંધ કન્યા છાત્રાલયમાં દાતા ગોકળદાસ પુરષોત્તમ રાણીંગા ગણોદવાળા હાલ લંડન દ્વારા આ સંસ્થાના ત્રીજા માળે હોલનું બાંધકામ કરી તા.૧૬-૮-૨૦૨૧ને શ્રાવણ માસના બીજા સોમવારે સમારંભના ઉદ્‌ઘાટક અને લોકાર્પણ લંડન નિવાસી રમણીકભાઈ રાણીંગા, મુકેશભાઈ રાણીંગા, દિનેશભાઈ રાણીંગા, પ્રકાશભાઈ રાણીંગા તેમજ રાણીંગા પરિવાર ઓનલાઈન ટેકનોલોજીના માધ્યમથી ઉદ્‌ઘાટનમાં જોડાયા હતા. તેમજ મહાનગરપાલિકાના મેયર ધીરૂભાઈ ગોહિલ પણ ઉદ્‌ઘાટનમાં ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય ભીખાભાઈ જોશી, તારાબેન અમુભાઈ વૈઠા, નટુભાઈ રાણીંગા, સામાજિક કાર્યકરો, અગ્રણી, વેપારીઓ દ્વારા હોલનું ઉદ્‌ઘાટન કરી આ સંસ્થાને અર્પણ કરેલ હતું. આ પ્રસંગે રવિભાઈ દવે શાસ્ત્રીજી, પ્રોફેસર પી.બી. ઉનડકટ, નાગભાઈ વાળા, લલિતભાઈ દોશી, વજુભાઈ ધકાણ, અભયભાઈ ચોકસી, વિજયભાઈ કિકાણી, દામજીભાઈ પરમાર, ગીરીશભાઈ મશરૂ, ભરતભાઈ વ્યાસ, વનમેન આર્મી કે.બી. સંઘવી, વિશ્વ હિન્દુ પરિષદના મહામંત્રી હિરેનભાઈ રૂપારેલીયા, મીનાબેન ગોહેલ, આરતીબેન જોશી, હસમુખભાઈ ત્રિવેદી, અજીતભાઈ ગોધવાણી, રૂપલબેન લખલાણી, આધ્યાશક્તિબેન મઝમુદાર, પ્રવિણાબેન વાઘેલા, સંતોષબેન મુદ્રા, પ્રોફેસર કાજલબેન નકુમ મુખ્ય મહેમાન તરીકે હાજર રહેલ હતા. અંધ કન્યા છાત્રાલયના કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ મનસુખભાઈ વાજા, ટ્રસ્ટી મુકેશગીરી મેઘનાથી, બટુકબાપુ, શાંતાબેન બેસ, કિરણબેન જે. ડાંગર, છગનભાઈ પટેલ વગેરે હાજર રહી પ્રસંગને દિપાવેલ હતો. સહયોગી કાર્યકર કમલેશભાઈ પંડ્યા, અલ્પેશભાઈ પરમાર, જગતભાઈ ડાંગર, પ્રવીણભાઈ જોશી, મનહરસિંહ ઝાલા, કે.કે. ગોસાઈ, પ્રજ્ઞેશભાઈ વાજાએ જહેમત ઉઠાવી પ્રસંગ પૂર્ણ કરેલ હતો.

# સંશોધન અનુસાર માછલીનું સેવન સ્મૃતિ-મનોભ્રંશનું જોખમ ઘટાડવામાં સહાયભૂત



ન્યુયોર્ક તા.૧૯

નેશનલ હેલ્થ પોર્ટ ઓફ ઈન્ડિયાના જણાવ્યા અનુસાર ભારતમાં ડીમેન્શિયાનું પ્રમાણ ૨.૭ ટકા જેટલું છે. જેમ જેમ વ્યક્તિની ઉમર વધે છે તેમ તેમ ડીમેન્શિયાનું પ્રમાણ વધે છે. ડીમેન્શિયા એ એક પ્રકારનો સ્મૃતિભ્રંશ અને મનોભ્રંશ રોગ છે. ૮૦ કરતા વધુ વયના લગભગ ૨૦ ટકા લોકો ડીમેન્શિયાથી પીડાય છે. ભારતમાં ડીમેન્શિયા થવાની સરેરાશ વય ૬૬.૩ વર્ષની આસપાસ છે. ડીમેન્શિયા એ એક એવી સ્થિતિ હોય છે કે જેમાં યાદદાસ્ત ધીમે ધીમે ઓછી થતી જાય છે અને કોઈપણ બાબતે કન્ફ્યુઝન વધતો જાય છે. આ અંગે સંશોધકો દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવી રહ્યો છે. અહેવાલો અનુસાર કેટલાક પ્રકારની જીવનશૈલી અને આદતો અપનાવવાથી ઘણો ફેર પડે છે. શાકભાજી, ફળો, સૂકોમેવો, કઠોળ, દ્વિદળ અનાજ, વાલ-વટાણા અનાજ, માછલી અને ઓલીવ ઓઈલ જેવી અસંતૃપ્ત ફેટનું સેવન કરવાથી ડીમેન્શિયા સામે પ્રતિરોધક પુરવાર થઈ શકે છે. હાર્વર્ડ હેલ્થ દ્વારા હાથ ધરવામાં આવેલ એક સંશોધન અભ્યાસમાં નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ હેલ્થ ખાતે સંશોધકોએ ૭૭૫૦ કરતાં વધુ લોકોની જીવનશૈલીનું મૂલ્યાંકન કર્યુ હતું અને પછી ૧૦ વર્ષ સુધી તેનું ફોલોઅપ કર્યુ હતું.

**આ સંશોધનમાં નીચેના કારણો બહાર આવ્યા છે**

૧. હાર્વર્ડ હેલ્થના રિપોર્ટ અનુસાર ડીમેન્શિયાનું જોખમ ઘટાડવા માટે માછલી સૌથી મહિત્વનું ભોજન પરિબળ છે.

૨. ત્યાર બાદ શાકભાજી બીજા શ્રેષ્ઠ ક્રમે આવે છે.

૩. તમામ ખાદ્ય ચીજવસ્તુઓનું મૂલ્યાંકન કરાયું હતું અને તેના ઉપરથી માછલી ડીમેન્શિયાનું જોખમ ઘટાડવા માટે સૌથી વધુ અસરકારક છે.

૪. માછલીનું સેવન કરવાથી કોગ્નિટીવ ઈમ્પેરમેન્ટ અને કોગ્નિટીવ ડિકલાઈન બંનેનું જોખમ ઘટાડે છે. હાર્વર્ડ પીએચ ચાન સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના રિપોર્ટ અનુસાર માછલી એ સ્વાસ્થ્યપ્રદ ખોરાકનો સૌથી મહત્વનો ભાગ છે. માછલી એ અન્યસી ફૂડ ઓમેગા ૩ ફેટ્સનું મુખ્ય સ્ત્રોત છે જેમાં વિટામીન ડી, સેલેનીયમ અને પ્રોટીન અને ઓછી સંતૃપ્ત ચરબી જેવા પોષક તત્વો હોય છે.

# તાલિબાનોની ક્રૂરતા વચ્ચે યુપી સરકાર દેવબંદમાં આતંકવાદ વિરોધી ટ્રેનિંગ સેન્ટર ઉભુ કરશે

લખનૌ તા.૧૯

ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે જાહેરાત કરી છે કે, તે દેવબંદમાં આતંકવાદ વિરોધી દળ કમાન્ડો કેન્દ્ર સ્થાપી રહી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીના માહિતી સલાહકાર સુલભ મણિ ત્રિપાઠીએ મંગળવારે ટ્વિટ કર્યું હતું કે એટીએસ કમાન્ડો સેન્ટર સ્થાપવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ થઈ ચૂક્યું છે. ત્રિપાઠીએ કહ્યું કે, અફઘાનિસ્તાનમાં તાલિબાન દ્વારા આચરવામાં આવતી ક્રૂરતા વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે અને રાજ્યભરમાંથી લગભગ ૧૮ ઉચ્ચ પ્રશિક્ષિત એટીએસ અધિકારીઓ કમાન્ડો સેન્ટરમાં તૈનાત રહેશે. દરમ્યાન નવભારત ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે કમાન્ડો સેન્ટર માટે ૨,૦૦૦ ચોરસ મીટરની જમીન પહેલેથી જ ફાળવવામાં આવી છે. નોંધનીય છે કે, ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌ અને એનઆરસી શહેર નોઈડામાં આવા સમાન એટીએસ કમાન્ડો કેન્દ્રો સ્થાપવા માટે પહેલેથી જ કામ ચાલી રહ્યું છે. દેવબંદ નગર ઉત્તરપ્રદેશના સહારનપુર જિલ્લામાં આવેલું છે અને ઈસ્લામિક શિક્ષણનું મોટું કેન્દ્ર માનવામાં આવે છે. જો કે, સુરક્ષા એજન્સીઓ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી પકડવામાં આવેલા કેટલાક આતંકવાદીઓ દેવબંદ સાથે સંબંધ ધરાવે છે એવું બહાર આવ્યું છે. હક્કીતમાં, યુપી એટીએસ દ્વારા ૨૦૧૯ માં જ જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓના સંબંધો દેવબંદ સાથે હતા એવું પ્રમાણિત કરવામાં આવ્યું હતું. દરમ્યાન યુપી સરકારના આ નિર્ણયને લઈને અનેક પ્રતિક્રિયાઓ આવી છે. યુપી શિયા સેન્ટ્રલ વકફ બોર્ડના ભૂતપૂર્વ વડા વસીમ રિઝવીએ યોગી સરકારના આ પગલાની પ્રશંસા કરતા કહ્યું કે, દેવબંદ ભૂતકાળમાં આતંકને પ્રોત્સાહિત કરવામાં સહભાગી રહ્યું છે. રિઝવીએ કહ્યું કે, આનાથી આવી આંતકી પ્રવૃત્તિઓ ઉપર અંકુશ આવશે. સુન્ની મૌલવી મૌલાના સુફીયાન નિઝામીએ કહ્યું કે, યુપી સરકાર દેવબંદમાં એટીએસ સેન્ટર સ્થાપિત કરે તેમાં કોઈને સમસ્યા નથી. જો કે તેમણે ઉમેર્યુ હતું કે, સરકારી એજન્સીઓએ ત્રાસવાદી કેસોમાં નિર્દોષ મુસ્લિમોને નિશાન બનાવવાનું ટાળવું જોઈએ. કોંગ્રેસના પ્રવકતા સુરેન્દ્ર રાજપૂતે આ નિર્ણય ઉપર યોગી સરકારની ઝાટકણી કાઢી છે અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં વિકાસનો અભાવ, બેરોજગારી અને શેરડીના લેણાંની ચૂકવણી જેવા વાસ્તવિક મુદ્દાઓ ઉપરથી લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો છે. સમાજવાદી પાર્ટીના વિવેક સિલાસે આ પગલાને સાંપ્રદાયિક અને વિભાજનકારી ગણાવ્યો હતો અને નિર્દેશ કર્યો હતો કે, આતંક સંબંધિત ધરપકડના ભૂતકાળના ઘણા કિસ્સાઓમાં આ રાજયમાં ભાજપ સરકાર હેઠળ કરવામાં આવેલ તપાસ હજુ કોઈ નિષ્કર્ષ ઉપર પહોંચી નથી.

# જૂની કારને સ્ક્રેપ કરવાથી પર્યાવરણનું રક્ષણ અને અર્થતંત્ર વધુ મજબુત બનશે

નવી દિલ્હી તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે વાહન સ્ક્રેપીંગ નીતિની જાહેરાત કરતાં તેને કચરાથી કંચનનું અભિયાન ગણાવીને જણાવ્યું હતું કે, સરકયુલર ઈકોનોમી એટલે કે ચક્રીય અર્થવ્યવસ્થા માટે તે એક મહત્ત્વપૂર્ણ કડી સમાન છે અને જણાવ્યું હતું કે આ નીતિ દેશના શહેરોથી પ્રદૂષણ ઓછું કરવા અને પર્યાવરણની સુરક્ષાની સાથે ઝડપી વિકાસની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. હવે પ્રશ્ન એ છે કે સરક્યુલર ઈકોનોમી આખરે શું છે ? સરકયુલર ઈકોનોમી સંસાધનોના રીયુઝ, રિપેરીંગ, રીમેન્યુફેક્ચરીંગ અને રીસાઈકલીંગ ઉપર આધારિત છે કે જેથી સંસાધનોનો ન્યૂનત્તમ ઉપયોગ થાય છે તેમજ પ્રદૂષણ અને કાર્બન ઉત્સર્જન ઓછું પેદા થાય છે. જ્યારે કોઈ કાર સ્ક્રેપ કરવામાં આવે છે ત્યારે તેમના મેટલ, આયર્ના અને સ્ટીલનો ફરીથી ઉપયોગ કરી શકાય છે. ભારતમાં ૫૧ લાખ લાઈટ મોટર વ્હિકલ (એલએમવી) છે કે જે ૨૦ વર્ષથી વધુ વયના છે અને ૧૫ વર્ષ જૂના વાહનોની સંખ્યા ૩૪ લાખ કરતાં વધુ છે. એ જ રીતે ૧૭ લાખ મીડિયમ અને હેવી કોમર્શિયલ વાહનો ૧૫ વર્ષ કરતાં વધુ જૂના છે અને યોગ્ય ફિટનેસ સર્ટિફીકેટ વગર ચાલી રહ્યાં છે. જોકે આનો અર્થ એ નથી કે તમામ વાહનો સ્ક્રેપ કરવા પડશે. પરંતુ આ નીતિને કારણે રૂા.૧૦૦૦૦ કરોડ જેટલું રોકાણ આવશે અને ૩૫૦૦૦ નવા રોજગારો સર્જશે. આ નીતિના અમલ માટે એપ્રિલ, ૨૦૨૩થી હેવી કોમર્શિયલ વાહનોનું ફરજીયાત ટેસ્ટિંગ થશે અને જ્યારે અન્ય કેટેગરીના વાહનો તેમજ પર્સનલ વાહનોનું ટેસ્ટીંગ જૂન, ૨૦૨૪માં તબક્કાવાર થશે. વાહન સ્ક્રેપ કરવાથી સરકાર એક સ્ક્રેપેજ સર્ટિફીકેટ ઈસ્યૂ કરશે જેના કારણે વાહનના માલિકનો કરવેરામાં વળતર, ઈન્સેન્ટીવ અને નવી કાર ઉપર ડિસ્કાઉન્ટ જેવા લાભો મળશે. વાહનોના સ્ક્રેપેજ માટે ઓટોમેટેડ ફિટનેસ સેન્ટર ઊભા કરાશે જે ઉત્સર્જનના નિયમો, બ્રેકિંગ અને અન્ય માપદંડો જેવા વિવિધ માપદંડોના આધારે વાહનોનું ટેસ્ટિંગ કરશે.

# રાહુલ સંકાનૂર ચાર વખત નાપાસ થવા છતાં પાંચમાં પ્રયાસે યુપીએસસીમાં ટોપર રહી આઈએએસ અધિકારી બન્યા



નવી દિલ્હી તા.૧૯

આઈએએસ અધિકારી રાહુલ સંકાનૂરની સફળ ગાથા જાણવા જેવી છે. નિષ્ફળતા એ સફળતાની ચાવી છે પરંતુ ઘણા લોકોને નિષ્ફળતાની વિપરીત સ્થિતિમાં ટકી રહેવાની હિંમત અને ધીરજ હોતી નથી. આપણે કરોળિયાની વાત જાણીએ છીએ કે તે વારંવાર પડવા છતાં ફરીથી ઊભા થઈને પોતાનું જાળું બનાવીને જ રહે છે. આવી જ કહાણી દંતકથારૂપ સંશોધક થોમસ અલ્વા એડિશનની છે કે જેઓ વિશ્વ માટે લાઈટ બલ્બની શોધ કરી શકયાં તે પહેલા તેમને સેંકડો વખત નિષ્ફળતા મળી હતી. આવી જ કહાણી આઈએએસ અધિકારી રાહુલ સંકાનૂરની છે. રાહુલ પાંચમાં પ્રયાસો યુપીએસસીની પરીક્ષામાં ટોપર રહ્યો હતો કે જેની ઓલ ઈન્ડિયા રેંક ૧૭ હતી. કર્ણાટકના હુબાલી શહેરમાંથી આવતાં રાહુલે હાઈસ્કૂલનો અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ એન્જિનિયરીંગમાં પ્રવેશ લીધો હતો. એન્જિનિયરીંગની ડિગ્રી મળ્યાં બાદ રાહુલ એક આઈટી કંપનીમાં જોડાયો હતો. રાહુલ કોઈ સારી બહુરાષ્ટ્રીય કંપનીમાં નોકરી મેળવી શકયો હોત પરંતુ તેનો કોઈ અલગ જ પ્લાન હતો. બે વર્ષ બાદ તેણે કોર્પોરેટ જોબ છોડીને યુપીએસસીની તૈયારી શરૂ કરી દીધી હતી, પરંતુ આ માર્ગ રાહુલ ધારતો હતો તેના કરતાં વધુ કપરો અને વિકટ હતો. તેને યુપીએસસી પરીક્ષા ક્લીયર કરતાં પાંચ વર્ષ લાગ્યાં. ચાર વખત તે યુપીએસસીની પરીક્ષામાં નિષ્ફળ રહ્યો હતો. પરંતુ પોતાના પરિવારના સહયોગથી રાહુલે આખરે પાંચમાં પ્રયાસે યુપીએસસીની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી હતી. જ્યારે જ્યારે તે યુપીએસસીમાં નાપાસ થતો હતો ત્યારે કેટલાય લોકો તેને નિરૂત્સાહ કરવા પ્રયાસ કરતાં હતાં. પરંતુ રાહુલે પરિવારના સમર્થન સાથે પોતાના પ્રયાસો ચાલુ રાખ્યાં હતાં અને આખરે સફળતા મેળવી હતી. રાહુલના જણાવ્યા પ્રમાણે તમારે આવા સંજોગોમાં નિરૂત્સાહ બન્યા વગર ધ્યેય ઉપર નજર રાખીને પ્રયાસો ચાલુ રાખવા જોઈએ. ખાસ કરીને નેગેટીવ લોકોથી દૂર રહેવું જોઈએ. યુપીએસસી માટે રાહુલની સલાહ છે કે પરીક્ષાવાંચ્છુએ માત્ર પુસ્તકિયા જ્ઞાન ઉપર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ નહીં, પરંતુ ઓવરઓલ તૈયારી કરવી જોઈએ. ખાસ કરીને તમારી બાજ નજર હોવી જોઈએ અને તમારી આસપાસ બનતાં વર્તમાન અને સાંપ્રત પ્રવાહો અંગે તમારે સુમાહિતગાર રહેવું જોઈએ. જો તમે એકંદરે વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરશો તો સફળતા દૂર નથી.

# દેશનાં આર્થિક વિકાસ માટે પાયાની સંરચનાને યોગ્ય કરવી પડશે : અર્થશાસ્ત્રીઓનું તારણ

તમામ અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે દેશના આર્થિક વિકાસ માટે આપણે પાયાની સંરચનાને યોગ્ય કરવી પડશે જેમ કે, હાઈવે, વજળી, ઈન્ટરનેટ વગરે. રોડ યોગ્ય નથી તો વ્યાપાર વિકસતો નથી. અભ્યાસમાં માલૂમ પડ્યું છે કે ગ્રામ વિકાસ માટે સૌથી વધુ પ્રભાવિત રોકાણ પાકા રોડમાં થાય છે. રોડ ઉપલબ્ધ થઈ જવાથી ગામડાના લોકો પોતાના માલને સરળતાથી શહેર સુધી લઈ જઈને વેંચી શકે છે. અને ગામડાનો વિકાસ થવા લાગે છે. વર્તમાન એનડીએ સરકારે પાયાની સંરચનાના રોકાણમાં ઘણી પ્રગતિ કરી છે. ખાસ કરીને હાઈવે અને જળમાર્ગમાં. સરકારના નાણાં રોકાણમાં પાયાની સંરચના મુખ્ય ભાગ હોય છે. ગયા વર્ષે ૨૦૨૧-૨૨માં કેન્દ્ર સરકારે ૪.૩૯ લાખ કરોડ રૂપિયાની મૂડીનું રોકાણ કર્યુ હતું. જે વર્તમાન વર્ષ ૨૦૨૧-૨૨માં ૫.૫૪ લાખ કરોડ થવાનું અનુમાન છે. એમાં ૨૯ ટકાની મોટી વૃદ્ધિ કરવામાં આવી છે. ફરી પ્રશ્ન ઊઠે છે કે પાયાની સંરચનામાં આટલું રોકાણ છતાં એનડીએ સરકારના જ છેલ્લા ૬ વર્ષોમાં આપણો આર્થિક વિકાસદર સતત ઘટી કેમ રહ્યો છે ? એનું કારણ સંભવતઃ એ છે કે આપણે ખોટી પાયાની સંરચનામાં રોકાણ કરી રહ્યા છે. જેમ કે દર્દીને દવા આપવી હોય છે પરંતુ ખોટી દવા આપવાથી નુકસાન થઈ જાય છે. એ વાતમાં હું તમારી સમક્ષ કેટલાક ઉદાહરણો રાખવા માંગું છું. પહેલું ઉદાહરણ શહેરમાં ફૂટ ઓવરબ્રિજનું લો. ચાર રસ્તા ઉપર પગપાળા યાત્રીઓ માટે ફૂટ ઓવરબ્રિજ બનાવી દેવામાં આવે છે. એનાથી સામાન્ય વ્યક્તિને રોડ ક્રોસ કરવામાં સમય વધુ લાગે છે. ઉપર ચઢવા અને ઊતરવામાં એની ઊર્જા ખર્ચ થાય છે. જ્યારે નીચે કાર પૂરપાટ ભાગતી અને લાલ બત્તીને હટાવી લેવાથી ઉચ્ચ વર્ગને સરળતા રહે છે. તે પોતાના ગંતવ્ય સ્થાન ઉપર શીઘ્ર પહોંચી શકે છે. હા, સામાન્ય વ્યક્તિના જીવનનું રક્ષણ થાય છે અને એ વર્ગના દુર્ઘટનાથી બચવામાં મદદ પણ મળે છે. પરંતુ અંતમાં સામાન્ય વ્યક્તિ ઉપર ફૂટ ઓવરબ્રિજનો નકારાત્મક પ્રભાવ પડે છે. જ્યારે ઉચ્ચ વર્ગ ઉપર સકારાત્મક પ્રભાવ પડે છે. એનો ઉપાય એ છે કે ફૂટ ઓવરબ્રિજની સાથે સ્વચાલિત એસ્કેલેટર લગાવવામાં આવે તો એનાથી સામાન્ય વ્યક્તિના સમયની બરબાદી ના થાય અને એસ્કેલેટર ચલાવવાનો ખર્ચ નીચે દોડનારી કારથી વસૂલ કરી શકાય. બીજું ઉદાહરણ હાઈવેનું લો. હાઈવે ઉપર ગાડી વ્યવસ્થા વગર દોડી શકે એના માટે બંને તરફ તાર લગાવવામાં આવે. હાઈવેની એક તરફ રહેનારાઓને હાઈવેની બીજી તરફ પોતાની જમીન સુધી પહોંચવા માટે હવે પાંચ કિ.મી.નું અંતર કાપવું પડે છે. કારણ કે ટ્રેક્ટરને હાઈવે પાર કરવું હવે સંભવ રહી ગયું નથી. તેથી હાઈવેથી ખેડૂતોનો ખર્ચ વધી જાય છે. એનાથી વિરૂદ્ધ હાઈવે ઉપર ચાલનારી ટ્રકો માટે સુવિધા હોય છે. ટ્રક ઉપર લાદવામાં આવેલા માલનો પરિવહન ખર્ચ ઓછો થઈ જાય છે. પરંતુ ટ્રક ઉપર લાદવામાં આવેલા માલનો ખર્ચ મારા અનુમાનથી ૮૦ ટકા ઉચ્ચ વર્ગ દ્વારા જ કરવામાં આવે છે. સાથે સાથે હાઈવે બનાવવામાં જે સિમેન્ટ, સ્ટીલ અને મશીનનો ઉપયોગ કરવામાં આવે છે તે પણ મોટી કંપનીઓ જ સપ્લાય કરે છે. હાઈવેનું અંતિમ પરિણામ સામાન્ય વ્યક્તિ ઉપર નકારાત્મક પડે છે. એટલું જરૂરી છે કે એના દ્વારા પણ બજારમાંથી ખરીદવામાં આવતી વસ્તુઓની કિંમતમાં ઘટાડો આવે છે. પરંતુ બજારમાંથી સામાન્ય વ્યક્તિ માલ ઓછો ખરીદે છે અને ઉચ્ચ વર્ગ વધુ. તેથી ઉચ્ચ વર્ગને વિશેષ લાભ થાય છે. એનો ઉપાય એ છે કે હાઈવે બનાવવાની સાથે સાથે ગ્રામીણ સડકો ઉપર પણ મોટું રોકાણ કરવામાં આવે જેનાથી ગ્રામીણ વિસ્તારો અને કસ્બાઓમાં સામાન્ય વ્યક્તિ માટે પણ કાર્ય કરવું ફાયદાકારક થઈ જાય. હાઈવે બનાવવાથી એનાથી જો એને નુકશાન થાય છે એની ભરપાઈ કસ્બાની સારી સડકોથી થઈ જાય. ત્રીજું ઉદાહરણ જળમાર્ગનું લઈએ. જળમાર્ગ બનાવવાથી નદી ઉપર મોટા જહાજ ચાલવા લાગે છે. અને માછીમારોનો ધંધો મૃતપ્રાય થઈ જાય છે. નાની હોડીઓના ધંધા પણ નબળા પડી જાય છે. એનાથી વિરૂદ્ધ જળમાર્ગથી કોલસા વગેરે માલના પરિવહનનો ખર્ચ ઓછો થઈ જાય છે. કોલસાથી ઉત્પન્ન થતી વીજળીનો પણ ખર્ચ ઓછો થઈ જાય છે. પરંતુ એ વીજળીનો ખર્ચ પણ એલ્યુમિનિયમ જેવા ઉદ્યોગો અને મોટા શહેરોમાં એરકન્ડિશનર વગેરે ઉપકરણોને ચલાવવામાં વધુ થાય છે. આ પ્રકાર જળમાર્ગ અને માછીમારો અને નાવિકો ઉપર નકારાત્મક પ્રભાવ પડે છે જ્યારે ઉચ્ચ વર્ગને સસ્તી વીજળી અને સસ્તો માલ ઉપલબ્ધ થવાથી લાભ થાય છે. એનો વિકલ્પ એ છે કે જળમાર્ગના સ્થાન ઉપર રેલમાર્ગથી પરિવહન કરવામાં આવે જેનાથી સામાન્ય વ્યક્તિ ઉપર ખરાબ અસર ઓછી પડે. ચોથું ઉદાહરણ ખનિજના ખોદકામનું લઈએ. આજે તમામ ખનિજ આપણા જંગલોની નીચે દબાયેલા પડ્યા છે. એને કાઢવા માટે એના માટે એના ઉપરના જંગલોનો કાપવામાં આવે છે. એનાથી સ્થાનિક લોકોને મહુડાના ફૂલ, ચારોળીના દાણા, તેંદુએના પાંદડા, પશુઓનો ઘાસચારો વગેરે બધું નષ્ટ થઈ જાય છે. સામાન્ય વ્યક્તિની આવકમાં ઘટાડો થાય છે. ખોદકામથી જે ખનિજ કાઢવામાં આવે છે એમાં લોખંડ, એલ્યુમિનિયમ અથવા તાંબુ વગેરેથી જે માલ બનાવવામાં આવે છે એનો ખર્ચ પણ ઉચ્ચ વર્ગ જ વધુ કરે છે. અંતિમ પરિણામ સામાન્ય વ્યક્તિ માટે નકારાત્મક અને ઉચ્ચ વર્ગ માટે સકારાત્મક હોય છે. એનો ઉપાય એ છે કે જંગલ કાપતાં પહેલા સામાન્ય વ્યક્તિને પર્યાપ્ત વળતર આપવામાં આવે અને ખોદકામ કર્યા બાદ એ જમીન ઉપર પૂર્નઃ જંગલને ઊભું આવે. ત્યારે સામાન્ય વ્યક્તિ ઉપર મહુડા, ચોરાળી, તેંદુ પત્તા વગેરે સમાપ્ત થવાથી પડનારા નકારાત્મક પ્રભાવની ભરપાઈ થઈ જશે. પાંચમું ઉદાહરણ 5-G ઈન્ટરનેટનું લઈએ. સામાન્ય વ્યક્તિ માટે 4-G પર્યાપ્ત છે. એમના બાળકોને ઓનલાઈન કલાસમાં સામેલ થવું પડે છે. અથવા એની પાસેના શહેરમાં પાકના કિંમતની માહિતી જરૂર છે. જેમ કે ડેટા એનાલિસિસ કરનારાઓનું કાર્ય સરળ થઈ જાય છે. તેથી 5-G ઈન્ટરનેટથી ઉચ્ચ વર્ગને વધુ લાભ થાય છે. એનો વિકલ્પ એ છે કે 5-Gની સાથે સાથે 4-G ઈન્ટરનેટની સુવિધા બધાને ઉપલબ્ધ કરાવવામાં આવે અને સામાન્ય વ્યક્તિને મફત વાઈફાઈ ઉપલબ્ધ કરાવવામાં આવે. માત્ર પાયાની સંરચનામાં રોકાણ કરવું પર્યાપ્ત હોતું નથી. જે રીતે માત્ર દવા આપવાથી દર્દીનો ઉપચાર પર્યાપ્ત નથી હોતો. યોગ્ય સંરચના બનાવવી પડશે અને યોગ્ય દવા આપવી પડશે. તેથી સરકારે ઈચ્છવું જોઈએ કે પાયાની સંરચનાના ડરથી બચે. ઉચ્ચ વર્ગીય પાયાની સંરચનામાં રોકાણ કરવાથી દેશનો આર્થિક વિકાસદર સતત ઘટી રહ્યો છે. પાયાની સંરચનામાં રોકાણની દિશામાં પરિવર્તન કરવું પડશે.

# ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ચાંપરડા ખાતે ગાયત્રી યજ્ઞમાં બીડુ હોમ્યું

## હોસ્પિટલ ભવનનું લોકાર્પણ અને પોલીસ ચોકીનું ભૂમિપૂજન કરાયું


## પૂ. મુકતાનંદબાપુ અને પોલીસ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

અખિલ ભારત સાધુ સમાજનાં અધ્યક્ષ પૂ. મુકતાનંદબાપુ દ્વારા સમાજસેવાની ચાલતી અનેકવિધ સેવાકીય પ્રવૃતિથી પ્રભાવિત થઈ ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા જૂનાગઢ જીલ્લાનાં વિસાવદર તાલુકાનાં ચાંપરડા શ્રી બ્રહ્માનંદધામની મુલાકાતે આવ્યા હતા. આ તકે પૂ. મુકતાનંદબાપુ દ્વારા પ્રદિપસિંહ જાડેજાનું સ્વાગત કરાયું હતું. ત્યારબાદ બપોરે ભોજન પ્રસાદ લીધો હતો અને બ્રહ્માનંદ ધામ ખાતે ૧૧ દિવસીય ગાયત્રીયજ્ઞની પૂર્ણાહુતી પ્રસંગે પ્રદિપસિંહ જાડેજાએ બીડુ હોમ્યું હતું. તેમજ શ્રી જય અંબે મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલનાં સ્ટાફ માટે બનાવવામાં આવેલ ગજરાબા બાબુભાઈ પટેલ ત્રણ માળનાં ભવનનું પ્રદિપસિંહ જાડેજાએ લોકાર્પણ કરાવ્યું હતું અને ચાંપરડા બ્રહ્માનંદ ધામ ખાતે નિમાર્ણ થનાર પોલીસ ચોકીનું ભૂમિપૂજન પણ તેમનાં વરદ હસ્તે કરાયું હતું અને બાદમાં વૃક્ષારોપણ કર્યુ હતું. આ તકે પૂ. મુકતાનંદબાપુ તેમજ જૂનાગઢનાં રેન્જ ડીઆઈજી મનિન્દર પ્રતાપસિંહ પવાર, એસપી રવિ તેજા વાસમ શેટ્ટી, ડીવાયએસપીપ્રદિપસિંહ જાડેજા સહિતનાંઅધિકારીઓ તેમજપૂ.



બાપુનાં સેવક અર્જુનસિંહ રાઠોડ, કમલેશભાઈ ધાધલ, નિખીલ તેરૈયા સહિતનાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખેતીવાડી ખાતાના અધિકારીઓ માટે દ્વિમાસિક તાલીમ કાર્યશાળા યોજાઈ

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા તાલીમ અને મુલાકાત યોજના અંતર્ગત દ્વિમાસિક તાલીમ કાર્યશાળા કુલપતિ ડો.વી.પી.ચોવટીયા અને વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ.એમ.ગાજીપરાનાં માર્ગદર્શનમાં યોજાય હતી.

આ તાલીમ કાર્યશાળામાં સૌરાષ્ટ્રના જુદા જુદા જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીઓ, નાયબખેતી નિયામક, મદદનીશ ખેતી નિયામક વગેરે ઓનલાઈન તેમજ ઓફલાઈન જોડાયા હતા. આ તાલીમનો મુખ્ય ઉદેશ કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધનો તથા ભલામણો ખેતીવાડી ખાતાના અધિકારીઓને આપવા માટેનો છે. આ પ્રસંગે સહવિસ્તરણ શિક્ષણ નિયામક ડો.જી.આર.ગોહિલે જણાવ્યું કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખેતીની સમસ્યાઓને ધ્યાને રાખી અનેહાલની સ્થિતિને ધ્યાનેરાખી વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

આ પ્રસંગે એસ.કે.જોષી, સંયુકત ખેતી નિયામક (વિ) રાજકોટ એ જણાવ્યું કે, જયા ઓછા વરસાદ પડ્યો ત્યાં પાક નિષ્ફળ જવાની શકયતા અથવા મગફળીમાં સુકારો તથા થ્રીપ્સ જીવાત આવવાની શકયતા રહેશે. પાણીની અગવડ હોય તો પાક લંઘાતો હોય તો પિયત આપી દેવું જરૂરી છે. હવામાન ખાતાની આગાહી મુજબ વરસાદ ખેંચાશે તો આ પરિસ્થિતિને ધ્યાને રાખી ખેડૂત ભાઈઓએ જરૂરી પગલા લેવા જણાવ્યું હતું. એમ.એમ.કાસુન્દ્રા સયુક્ત ખેતી નિયામક (વિ) જૂનાગઢએ પણ તેમના કાર્યક્ષેત્રમાં આવતા જિલ્લાઓની વિગતવાર માહિતી આપી હતી. આ વર્ષે સોયાબીનનું વાવેતર વધ્યું છે. આ તાલીમ કાર્યશાળામાં કિટકશાસ્ત્ર વિભાગમાંથી ડો.ડી.એમ.જેઠવા, રોગ શાસ્ત્ર વિભાગમાંથી ડો.ડી.એસ.કેલૈયા, કપાસ વિભાગમાંથી ડી.કે.ડાવરા, તેલીબિયાં વિભાગમાંથી ડો.જી.કે.સાપરા અને ડો.એન.ડી.ઢોલરીયા એ હાલની પરીસ્થિતિ મુજબ જુદા જુદા પાકો અંગે નવી ટેકનોલોજી અંગે માર્ગદર્શન આપેલ છે. આ કાર્યક્રમો સંચાલન અને સંકલન ડો.જી.આર.ગોહિલે કર્યુ હતું.

# કોરોના કાળમાં પ્રશંસનીય કામગીરી કરનારનું બિલખામાં સન્માન કરાયું





(સુલ્તાન ચૌહાણ દ્વારા)

બિલખા તા. ૧૯

કોરોના કાળની અતિ ગંભીર પરિસ્થિતિ વચ્ચે લોકસેવા અને જરૂરીયાતમંદોને સહાયભુત થનારાઓનો સન્માન કાર્યક્રમ સમસ્ત બિલખા ગામ દ્વારા યોજાયો હતો.

આ કાર્યક્રમનું સંચાલન અને આયોજન બિલખાનાં અગ્રણી ભરતભાઈ વાળા દ્વારા કરવામાં આવેલ હતું. બિલખા સરકારી મેડીકલ તેમજ ખાનગી ડોકટર તેમજ લેબોરેટરી સ્ટાફનું અગ્રણીઓનાં હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું બિલનાથ સોસાયટી ખાતે આવેલ બુધનાથ પાર્ટી પ્લોટ ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો.

# વિસાવદરમાંથી જાહેરમાં જુગાર રમતી ૮ મહિલાને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા. ૧૯

વિસાવદર પોલીસે ચોકકસ બાતમીનાં આધારે જુગાર અંગે દરોડો પાડતા હરી એપાર્ટમેન્ટ નીચે જાહેરમાં જુગાર રમતા નંદુબેન વલ્લભભાઈ બુથરા, પાયલબેન ચીરાગભાઈ રાજયગુરૂ, રીટાબેન મહેન્દ્રભાઈ માંડણકા, કાળીબેન અનીલભાઈ પટેલ, પંચીલાબેન ગોવિંદભાઈ સોજીત્રા, મનીષાબેન કુમનભાઈ પોંકીયા, નીલમબેન મેતુલભાઈ રામાણી, સોનલબેન હિતેશભાઈ ઝાલાવડીયા વગેરેને રૂા.૧૪૭૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

જયારે ભેંસાણ પોલીસો જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ૬ શખ્સોને રૂા. ૩૪,૧૭૦નાં રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે મેંદરડા તાલુકાનાં ડેડકીયાળી ગામે બે શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા.૫૩૩૦ની રોકડ મુદામાલ સાથે ઝડપી લીધેલ છે. આ ઉપરાંત માંગરોળનાં આરેણા ગામે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૧૫૯૦નાં રોકડ મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. પકડાયેલા તમામ વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### માણાવદરનાં મરમઠ ગામે

# વાછરાદાદાનાં મંદિર પાસે રૂા.૩૦ લાખના ખર્ચે બનશે પૂર સંરક્ષણ દિવાલ : મંત્રી જવાહર ચાવડા

જૂનાગઢ, તા.૧૯

રાજય સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના મરમઠ ગામે વાછરાદાદાના મંદિર પાસે પુર સંરક્ષણ દીવાલના કામને સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.જે અંદાજે રૂા. ૩૦ લાખના ખર્ચે બનાવવામાં આવશે. મંજુર થયેલ પુર સરંક્ષણ દિવાલની કામગીરી ગુણવત્તાસભર અને સમયસર પૂર્ણથાય તેમાટેજરૂરી સૂચના આપવામાં આવેલ છે. ઘણા લાંબા સમયથી પડતર પ્રશ્નો હલ થવાથી મરમઠ ગામના લોકોમાં આનંદની લાગણી વ્યાપેલ છે. મંત્રી જવાહરભાઈ ચાવડાએ જણાવેલ હતું કે, આંતર માળખાકીય સુવિધા વધારવા માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે અને મારા મતવિસ્તારમાં મૂળભૂત માળખાકીય સુવિધાઓ સત્વરે પૂર્ણ થાય તે માટે કટિબદ્ધ છું. અંતમાં તેઓએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો વિધાનસભા મતવિસ્તારના મતદારો વતી આભાર વ્યકત કરેલ છે.

# જૂનાગઢમાં ભુલથી દવા પી જતાં મૃત્યું

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢનાં જોષીપરા વિસ્તારમાં રહેતા જીલુબેન ગનીભાઈ મુલતાની (ઉ.વ.૭૫)ને શરીરે ખંજવાળ આવવાની દવાને બદલે ભુલથી કીડી મારવાની દવા પી જતાં તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયુંહતું. જયારે અન્ય એક બનાવમાં બાંટવા ખાતે રહેતા દિલીપભાઈ મુળુભાઈ પરમાર (ઉ.વ.૨૧)ને મોઢામાં છેલ્લા કેટલાક સમયથી ચાંદી પડેલ હોય અને મોઢાનાં કેન્સરનો રીપોર્ટ કરાવેલ હોય અને ચાંદીની દવા લીધેલ હોય તેમ છતાં ચાંદીમાં સારૂ થતું ન હોય જે બાબતે લાગી આવતા પોતાની મેળે ઝેરી સેલફોસનાં ટીકડા પી જતાં તેનું મૃત્યું થયું છે.

**દારૂનો જથ્થો ઝડપાયો**

જૂનાગઢ સી ડીવીઝન પોલીસે ગઈકાલે ગાંધીગ્રામ સંજયનગર નજીકથી ઝાડી ઝાખડામાંથી પિયાગો રીક્ષા નં. જીજે-૨૩-ઝેડ - ૧૩૯૫ની તલાસી લેતા તેમાંથી પેટી નંગ-૯, જેની કુલબોટલ ૧૦૮જેની કિંમત રૂા.૪૩,૨૦૦ તથા પિયાગો રીક્ષા જેની કિંમત રૂા. ૫૦૦૦૦ મળી કુલ રૂા. ૯૩,૨૦૦નો મુદામાલ જપ્ત કરવામાં આવેલ છે. આ રેડ દરમ્યાન આરોપી હાજર નહી મળી આવેલ, પિયાગો રીક્ષાનાં ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બહેનોને ઘરેલુ હિંસાની યોજનાઓમાં મફત મળતા લાભો અંગે માર્ગદર્શન અપાયું





જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારીના માર્ગદર્શન હેઠળ મહિલાઓને ઘરેલું હિંસાની યોજનાઓ મારફત મળતા લાભ અંગે તા.૧૦/૮/૨૦૨૧ના રોજ મજેવડી ગામ ખાતે તથા તા.૧૨/૮/૨૦૨૧ ના રોજ માણાવદર ખાતે માર્ગદર્શન અપાયું હતું.

આ કાર્યક્રમમાં બહેનોને ઘરેલુ હિંસા વિરૂધ્ધ થતી કાર્યવાહી તથા સરકારની વિવિધ યોજનાઓ દ્વારા લેવાતા લાભ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ કાયદા નિષ્ણાતો દ્વારા કાયદાકીય જોગવાઈઓ અંગે પણ માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અંતર્ગત ચાલતી મહિલાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળ વિકાસ યોજના અધિકારી, મુખ્યસેવિકા બહેનો અને આંગણવાડી કાર્યકર બહેનો તેમજ ગામની સ્થાનિક બહેનો પણ સહભાગી થયા હતા. સહભાગી થયેલ તમામ બહેનોને કીટ અને આઈસીસી વિતરણ કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ જીલ્લા દુધ ઉત્પાદક સંઘનાં ચેરમેન દ્વારા મહાનુભાવોનું સન્માન કરાયું





જૂનાગઢ, તા.૧૯

ભાજપ પ્રદેશ મહામંત્રી રત્નાકરજી, વિનોદભાઈ ચાવડા, ધવલભાઈ દવે, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટભાઈ પટેલને જૂનાગઢ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે મોમેન્ટો અને શાલ ઓઢાડીને જૂનાગઢ જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.ના ચેરમેન રામશીભાઈ ભેટારીયાએ શુભેચ્છા મુલાકાત કરી સન્માન કરેલ હતું.

# સોમનાથ મંદિર પરીસરમાં કબૂતરોનો જમાવડો



પ્રભાસ-પાટણ તા.૧૯

સોમનાથ મંદિર પરીસરમાં કબૂતરોની ઉડાઉડ જોવા મળે છે. પવિત્ર શ્રાવણ માસમાં અનેક શ્રધ્ધાળુઓ સોમનાથ દર્શને આવે છે ત્યારે મંદિર પરીસરમાં મોટા પ્રમાણમાં કબૂતરો હોય આ કબૂતરોને સ્થાનિકો તેમજ યાત્રિકો ચણ નાખે છે અને તેને ખાવા કબુતરો ઉડાઉડ કરતા હોય છે. આ દ્રશ્ય જોઈને લોકો અને બાળકો ખૂશ થાય છે.

### જૂનાગઢ શશીકુંજ ખાતે

# નાયબ ચીટનીસ(વર્ગ-૩) ની ખાતાકીય પરીક્ષા યોજાઇ

જૂનાગઢ, તા.૧૯

રાજય ગ્રામવિકાસ અનેપંચાયતીરાજ ભવન શશીકુંજ જૂનાગઢ ખાતે નાયબ ચીટનીશ(વર્ગ-૩) ની સીધી ભરતીથી નિમણૂક પામેલ ઉમેદવારોની તાલીમાન્ત પરીક્ષા યોજાઈ હતી. કોવિડ-૧૯ ની ગાઈડલાઈન મુજબ કુલ ૭૮ પરીક્ષાર્થીઓની પરીક્ષા તા.૧૬/૮/૨૦૨૧ થી તારીખ ૧૮/૮/૨૦૨૧ દરમ્યાનયોજવામાં આવી હતી. તાલીમાન્ત પરીક્ષાઅધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા, વિકાસ કમિશનર સંદીપકુમાર, તાલીમ કેન્દ્રના વડા નિયામક પંકજ ઓંધિયાના માર્ગદર્શનતેમજ નિયંત્રણ હેઠળ નાયબ નિયામક તથા શશીકુંજના તમામસ્ટાફ તેમજ શ્રી વિકાસકમિશ્નર તરફથી પરીક્ષા માટે ફાળવેલ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી હતી.


# સુત્રાપાડા તાલુકાનાં દરીયાઈ પટ્ટીનાં ગામડાઓમાં પીવાનાં પાણીની સમસ્યા

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૧૯

સુત્રાપાડા દરીયા પટ્ટીના ગામડામાં પાણીના તળ ખારા હોવાથી અને પીવા લાયક પાણી ન હોવાથી સરકાર દ્વારા દરીયાપટ્ટીના ગામડાને પીવાનું પાણી પુરૂ કરવા હરીણ ડેમમાંથી આવતું હતું પરંતુ તાઉતે વાવાઝોડા બાદ કોઈ કારણોસર આ વિસ્તારમાં મહીપરી યોજનાના બદલે હિરણ ડેમમાંથી પાણી દર પંદર દિવસે આપવામાં આવે છે. આ વર્ષે વરસાદ પણ આ વિસ્તારમાં નાહીવત થતા લોકો જે ચોમાસાના પાણીનો સંગ્રહ કરતા હતા તે પાણીનો સંગ્રહ થઈ શકયો નથી અને હીરણ ડેમમાં હાલ પુરતા પ્રમાણમાં પાણી ન હોવાથી ગામડામાં પીવાના પાણીની હાડમારી છે તેથી આ અંગે પ્રશ્નવડા ગામના માજી જીલ્લા પંચાયત સદસ્ય કેશુભાઈ દ્વારા લાગતા વળગતા અધિકારીઓને રજૂઆત કરી છે કે, સુત્રાપાડા તાલુકાના દરીયા પટ્ટીના ગામડાના લોકોને તથા માલઢોરને પીવાના પાણીની મુશ્કેલીઓ છે તે મહીપરી યોજનામાંથી પાણી વિતરણ શરૂ કરીને પરેશાની દુર થાય તેવા પગલા ભરવા માંગણી કરી છે.

# બિલખાનાં સરપંચ મહેન્દ્ર નાગ્રેચાનો આજે જન્મદિવસ આજે દાદાનો પણ જન્મ દિવસનો અનોખો સંયોગ





મહેન્દ્ર નાગ્રેચા સરપંચ બિલખા (પ્રપોત્ર)



દાદા-સ્વ. દુર્લભજીભાઈ નાગ્રેચા

જૂનાગઢ તા. ૧૯

બિલખા ગ્રામ પંચાયતનાં સરપંચ મહેન્દ્ર નાગ્રેચાનો આજે જન્મ દિવસ હોય તે પ્રસંગે તેમને શુભકામના પાઠવવામાં આવી રહી છે. જોગાનુજોગ તેમનાં દાદા સ્વ. દુર્લભજીભાઈ નાગ્રેચાનો પણ આજરોજ જન્મ દિવસ હોય આમ દાદાનાં અને પ્રપોત્રનો એક જ દિવસે જન્મ દિવસ છે અને દાદાનાં માર્ગે સેવાનાં કાર્યો પ્રપોત્ર પણ કરી રહેલ છે.

બિલખા ગામનાં આઝાદી જંગનાં લડવૈયા અને સ્વાતંત્ર સેનાની સ્વ.દુર્લભજીભાઈ નાગ્રેચા અને તેમના પરીવાર દ્વારા દેશ સેવા અને જરૂરીયાતમંદ લોકોની કાયમને માટે આજીવન પર્યંત સેવાનો યજ્ઞ જલાવી અને આજીવન સેવાના ભેખધારી એવા સ્વાતંત્ર સેનાની સ્વ. દુર્લભજીભાઈ નાગ્રેચાનો જન્મ દિવસ તા.૧૯-૮-૧૯૧૨નાં રોજ થયો હતો અને જોગાનુજોગ તેમના પુત્ર વાસુદેવ નાગ્રેચાનાં પુત્ર મહેન્દ્ર નાગ્રેચા (પ્રપૌત્ર) કે જેઓ હાલ બિલખા ગ્રામ પંચાયતનાં સરપંચ છે તેનો પણ આજે જન્મદિવસ છે. આજે ૪૭મું વર્ષ પુર્ણ કરી અને ૪૮માં વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે ઠેરઠેરથી તેઓને શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે. પિતા વાસુદેવભાઈ નાગ્રેચા તથા દાદા દુર્લભજીભાઈ નાગ્રેચાનાં સેવાકીય કાર્યોને કાયમને માટે યાદ રાખી તેમના માર્ગે સેવાની સતત કામગીરી અવિરતપણે સતત જીવંત રાખનારા અને નાગ્રેચા પરીવારની ૭૦ વર્ષની સેવાકીય કામગીરીને એટલી જ જાળવી રાખનારા નાગ્રેચા પરીવારનાં સભ્ય એવા મહેન્દ્ર નાગ્રેચાને તેમના જન્મદિવસ ઉપર શુભેચ્છકોએ અભિનંદન વર્ષા કરી છે.

# મેંદરડા માર્કેટીંગ યાર્ડનાં પ્રમુખ તરીકે ચુનિભાઈ રાખોલીયાની બિનહરીફ વરણી



મેંદરડા, તા.૧૯

મેંદરડા ખાતે માર્કેટીંગ યાર્ડની પૂર્વ પશુપાલન મંત્રી દેવાણંદભાઈ સોલંકીના અવસાન થવાથી તેમની ખાલી પડેલ જગ્યા માટે પ્રમુખ તરીકેની બિનહરીફ ચુંટણી થતા બરવાળાના જુના ભાજપ અગ્રણી ચુનિભાઈ રાખોલીયાની વરણી થતા તેમને યાર્ડના તમામ સભ્યો તથા તાલુકા પંચાયત પ્રમુખ વિનુભાઈ રાજાણી, જીલ્લા પંચાયતના સભ્ય વિનુભાઈ બુહા, મેંદરડાના સરપંચ દિનેશ વેકરીયા, નરેશ પુરોહીત, ભાજપના તમામ આગેવાનોએ આવકારેલ છે.

## :: અવસાન નોંધ ::

રાજકોટ : દ.સો. વણીક મુળ તાલાળા હાલ રાજકોટ સૌભાગ્યચંદ્ર પી. શેઠ (ઉ.વ. ૯૧) તે ગં.સ્વ. રૂક્ષ્મણીબેનનાં પતિ, વિજયભાઈ, નલીનભાઈ, ઉષાબેન, મહેન્દ્રભાઈ શેઠ, મીનાબેન વિજયભાઈ સંઘાણી, શીતલબેન સુનીલભાઈ પારેખનાં પિતા, લક્ષ્મીબેન ઝવેરી, લક્ષ્મીદાસભાઈ, વસંતભાઈ, શાંતિભાઈ કાચલીયાનાં બનેવીનું તા. ૧૮-૮-૨૧નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૦-૮-૨૧નેશુક્રવારે સાંજનાં ૫ થી ૬.૩૦ તેમના નિવાસ સ્થાન ૩૦૬, સીટી સેન્ટર, જયંત કે.જી. મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# ચાલુ વર્ષે પણ કોરોનાનાં કારણે જૂનાગઢ શહેરમાં તાજીયાનું ઝુલુશ નહી નીકળે : કોરોના ગાઈડલાઈન સાથે મોહર્રમ મનાવાશે



જૂનાગઢ તા.૧૯

આવતીકાલે શુક્રવારે મોહર્રમ-આશુરાનો તહેવાર હોય પરંતુ હાલમાં કોરોના મહામારીનો સમય હોય મોહર્રમ નિમિતે કોરોના ગાઈડલાઈનનું પાલન કરીને મોહર્રમ મનાવવામાં આવશે એટલે કે ગયા વર્ષની જેમ ચાલું વર્ષે પણ જૂનાગઢ શહેરમાં તાજીયા-સેઝનું ઝુલુશ નીકળશે નહી. ગઈકાલે એસડીએમ કચેરી ખાતે ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાનાં અધ્યક્ષ સ્થાને તાજીયા કમિટી અને શાંતી સમિતિની બેઠક મળી હતી જેમાં ગુજરાતનાં અન્ય શહેરોની જેમ જૂનાગઢમાં શહેર-જીલ્લામાં પણ તાજીયાનું ઝુલુશ નહી કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ જેતે વિસ્તારનાં તાજીયા તેનાં નિયત સ્થળે જ રહેશે અને તે દરમ્યાન પણ સોશ્યલ ડિસ્ટન્સ અને એસઓપીનું પાલન કરવાની સાથે મોહર્રમ મનાવવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોના મહામારી સમયમાં લોકોનાં જીવનની સલામતી સૌથી અગત્યનો પ્રશ્ન હોય તેને પ્રાથમિકતા આપતા મોહર્રમ નિમિતે ઝુલુશ નહી કાઢવાનો નિર્ણય કરાયો છે. ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ મિટીંગમાં, ઈન્ચાર્જ મામલતદારશ્રી અંટાળા, એ ડિવિઝન પીઆઈ એમ.એમ. વાઢેર, બી ડીવીઝન પીઆઈ એન.આઈ. રાઠોડ અને સી ડીવીઝન પીએસઆઈ જે.જે. ગઢવી તેમજ શાંતિ સમિતિ અને તાજીયા કમિટીનાં આગેવાનો, સેઝવાળા પીરઝાદા વસીમબાપુ કાદરી, કોર્પોરેટરશ્રી અદ્રેમાનભાઈ પંજા, અશરફભાઈ થઈમ, રાજુભાઈ સાંધ, એસ.આઈ. બુખારી, બટુકભાઈ મકવાણા, પ્રેમજીભાઈ પરમાર, અશ્વીનભાઈ મણીયાર, જીશાનભાઈ હાલેપૌત્રા, વહાબભાઈ કુરેશી, રજાકભાઈ હાલા, મુન્નાબાપુ કાદરી (દાતારવાળા), સોહીલભાઈ સીદીકી, સફીભાઈ સોરઠીયા, સાકીરભાઈ બેલીમ, લતીફબાપુ કાદરી, સમીરબાપુ કાદરી, રફીક બ્લોચ, રેહાન બાબી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં માતા-પિતા ગુમાવનાર બાળકોને સરકાર તરફથી મળશે દર મહિને રોકડ સહાય

**જૂનાગઢ જીલ્લામાં અનાથ અને માતા-પિતામાંથી કોઇ એકનું કોરોનામાં મૃત્યુ થયુ હોય તો રૂા.ર હજાર ચુકવાશે માતા-પિતા બંનેનું કોરોનામાં મૃત્યુ થયુ હોય તો રૂા. ૪ હજાર ચુકવાશે**

જૂનાગઢ તા.૧૯

રાજય સરકાર દ્વારા ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોના કાળમાં માતા-પિતા ગુમાવનાર બાળકોને રૂા.૪ હજારની સહાય તથા માતા-પિતામાં એક મૃત્યુ પામનાર બાળકોને રૂા.ર હજારની સહાય દર મહિને ચુકવવામાં આવશે.

જૂનાગઢ જિલ્લામાં આવા અનાથ બાળકો સહાયથી વંચિત ન રહે તે માટે જિલ્લા બાળ સુરક્ષા એકમનો સંપર્ક કરવા જણાવ્યું છે.જ

જૂનાગઢ જિલ્લા બાળ સુરક્ષા એકમ વિભાગે જણાવ્યું હતું કે, કોરોના કાળમાં મૃત્યુ પામેલા માતા-પિતા અથવા બન્નેમાંથી કોઈ એક મૃત્યુ પામ્યુ હોય તો તેમના માટે અલગ-અલગ યોજનાઓ છે. જેમાં માતા-પિતા ગુમાવનાર બાળકનેદર મહિને રૂા.૪ હજાર તથા બંનેમાંથી કોઈ એક મૃત્યુ પામ્યા હોય તો રૂા.ર હજારની રોકડ સહાય મળશે. જેમાં ૬ વર્ષથી મોટા બાળકોનો અભ્યાસ ચાલુ હોવો જોઈએ.

આ યોજના માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ જેવા કે, બાળકનું જન્મ પ્રમાણપત્ર, બાળકનું આધારકાર્ડ, બાળકના માતા-પિતાનું આધારકાર્ડ, બાળકના માતા-પિતાનું રેશનકાર્ડ, બાળકના માતા-પિતાના મરણના પ્રમાણપત્રો, બાળકના બેન્ક ખાતાની પાસબુકની ઝેરોક્ષ, બાળક જે વાલી પાસે રહે છે તેનુ આધારકાર્ડ(માતા-પિતા બન્નેનું) અને બાળક જેની પાસે રહે છે, તે બંને વાલીનું ચૂંટણીકાર્ડ તથા રેશનકાર્ડ સાથે જોડવાનું રહેશે.

આ યોજનાનો લાભ લેવા જૂનાગઢ જિલ્લા બાળ સુરક્ષા એકમ, પંકજ બંગલોઝ પી.ડબલ્યુ, ડીકવાટર્સ રેલવે સ્ટેશન રોડ, ચર્ચની સામે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીની બાજુનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# જૂનાગઢમાંથી ડીગ્રી વિનાના ડોકટરને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢ શહેરનાં જોષીપરા શાંતેશ્વર રોડ ઉપરથી ગઈકાલે કોઈપણ જાતની ડોકટરની ડીગ્રી કે પ્રમાણપત્ર ન હોવા છતાં પોતાની ઓળખ ડોકટર તરીકે આપી દવાખાનું ચલાવી મેડીકલ સાધનોનો ઉપયોગ કરી અને દાંતની ટ્રીટમેન્ટ કરતા હોવાની ચોકકસ બાતમીનાં આધારે પોલીસે તલાસી લેતાં દેવેન્દ્રભાઈ કાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૩૮) રહે. ગોપાલવાડીવાળા શખ્સને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ કલમ ૪૧૯ મેડીકલ પ્રેકટીશ એકટ કલમ ૩૦ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે.

આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

# વેરાવળ પંથકની પાંચ લાખની પ્રજાની તરસ છીપાવતા હિરણ-ર ડેમમાંથી ઉધોગોને પાણી આપવાનું બંધ કરો

**કોંગ્રેસના નગરસેવક અને પાલીકા બંનેએ તંત્રને લેખીત-મૌખીક રજુઆત કરી છતાં ઉદ્યોગોને પાણી આપવાનું ચાલુ રાખતા લોકોમાં રોષ : દસ વર્ષમાં પ્રથમ વખત હિરણ-ર ડેમ તળીયા ઝાટક થઈ જતા પંથકમાં પાણીની ગંભીર સમસ્યા સર્જાવાની ભિતી વચ્ચે તંત્ર દ્વારા બંને ઉદ્યોગોને પાણી આપવાનું ચાલુ ? લોકોમાં રોષ : વેરાવળ-સોમનાથ અને સુત્રાપાડાની શહેર-પંથકની પ્રજાના માથે જળસંકટ તોળાઈ રહ્યું છે**



(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ તા. ૧૯

ગીર સોમનાથ જીલ્લામાં ચાલુ વર્ષે મેઘરાજા રૂઠયા હોવાથી વરસાદ ઓછો વરસ્યો છે. જેથી આગામી દિવસોમાં પીવાના પાણીની તંગી સર્જાશે તેવી ભિતી અત્યારથી જ વર્તાય રહી છે ત્યારે વેરાવળ-સોમનાથ શહેર સહિત પંથકની પાંચ લાખની પ્રજાને પીવાનું પાણી પુરૂ પાડતા હિરણ-ર ઉમરેઠી ડેમ ખાલી થવાના આરે પહોંચી ગયો છે. ડેમમાં સવા મહિનો ચાલે તેટલો પાણીનો જથ્થો છે ત્યારે ડેમમાંથી સતત પાણી ઉપાડી રહેલ પંથકના બે ઉદ્યોગો ઈન્ડીયન રેયોન અને જીએચસીએલને પાણી આપવાનું બંધ કરી પ્રજા માટે સુરક્ષિત રાખવા કોંગી નગરસેવકે ગીર સોમનાથ જીલ્લા કલેકટર સહિતનાને પત્ર લખી માંગણી કરી છે. તો જોડીયા શહેર માટે આગામી દિવસોમાં પીવાના પાણીની ગંભીર બનનાર પરિસ્થિતિને લઈ પાલીકા પ્રમુખે અધિકારીઓ સાથે બેઠક કરી આગોતરા આયોજન બાબતે ચર્ચાઓ કરી છે. હાલ સૌ કોઈ મનોમન મેઘરાજા અનરાધાર હેત વરસાવે તેવી પ્રાર્થના કરી રહયા છે.

ચાલુ વર્ષે સમગ્ર રાજયમાં સરેરાશ કરતા ઘણો ઓછો વરસાદ વરસ્યો છે. જેના લીધે અનેક ડેમ ખાલી થયા છે તો અમુક ડેમોમાં એક-બે માસ ચાલે તેટલો જ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જેથી આગામી દિવસોમાં પીવાના પાણીની વિકટ સમસ્યા ઉદભવવાની ભિતી સર્જાય છે ત્યારે ગીર સોમનાથ જીલ્લાના સૌથી મોટા એવા હિરણ-ર ડેમ કે જેમાંથી વેરાવળ-સોમનાથ જોડીયું શહેર, સુત્રાપાડા શહેર અને બંને પંથકના ૭૦ જેટલા ગામડાની અંદાજીત પાંચેક લાખની પ્રજાને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. આ ઉપરાંત સોમનાથ ટ્રસ્ટ અને પંથકના બે ઉદ્યોગોને પણ ડેમમાંથી પાણી આપવામાં આવે છે. દરમ્યાન ચાલુ વર્ષે ગીર સોમનાથ જીલ્લા મથક વેરાવળ-સોમનાથ અને સુત્રાપાડા પંથકમાં મેઘરાજા રૂઠયા હોય તેમ સરેરાશ કરતા અડધાથી પણ ઓછો વરસાદ વરસ્યો છે. જેના પગલે દસ વર્ષે પ્રથમ વખત હિરણ-ર ડેમ તળીયા ઝાટક થઈ ગયો છે. હાલ ડેમમાં એકાદ માસ ચાલે તેટલો જ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

**ઉદ્યોગોને પાણી આપવાનું બંધ કરો : કોંગી નગરસેવક**

હાલ સોમનાથ શહેર અને પંથક ઉપર પીવાનું પાણીનું સંકટ આવે તેવી ભિતી વચ્ચે કોંગ્રેસના નગરસેવક અફઝલ પંજાએ હિરણ-ર ડેમમાંથી તાત્કાલીક અસરથી બંને ઉદ્યોગોને આપવામાં આવતો પાણીનો જથ્થો સંપૂર્ણ બંધ કરવા ગીર સોમનાથ જીલ્લા કલેકટર સહિતનાને પત્ર લખી માંગણી કરી છે. જેમાં જણાવેલ કે, હાલ હિરણ-ર ડેમમાં ફકત ૩૫ દિવસ ચાલે તેટલું જ પાણી ઉપલબ્ધ છે. તેમ છતાં ઉદ્યોગોને પાણી આપવાનું શું કામ બંધ કરાતું નથી ? જો ઔદ્યોગિક એકમ રેયોન અને જીએચસીએલને પાણી આપવાનું ચાલુ રાખવામાં આવશે તો લોકોને ૨૦ દિવસ સુધી પીવાનું પાણી નહીં મળે. ચાલુ વર્ષે ચોમાસુ નબળું હોય અને પંથકમાં જો જરૂરીયાત મુજબનો વરસાદ ટુંકા દિવસોમાં નહીં થાય તો વેરાવળ-સોમનાથ શહેર અને પંથકમાં પીવાની પાણીની ખૂબ ભયાનક સ્થિતિ સર્જાશે. તે માટે તંત્રએ પૂર પહેલા પાળ બાંધવાની નિતી મુજબ તાત્કાલીક ધોરણે બંને ઉદ્યોગોને ડેમમાંથી પાણી આપવાનું સંપૂર્ણ બંધ કરાવવા માંગણી છે.

પત્રમાં વધુમાં જણાવેલ કે, ઈન્ડીયન રેયોન અને જીએચસીએલ બંને કંપનીઓ વર્ષોથી હિરણ-ર ડેમમાંથી જરૂરીયાત મુજબનું પાણી વર્ષોથી ઉપાડે છે. જેની સામે લોકોએ કયારેય વાંધો લીધો નથી. પરંતુ ચાલુ વર્ષે ચોમાસુ નબળુ હોય પંથકની પ્રજા માટે પાણીની સમસ્યા ઉભી થયેલ છે. ત્યારે આ બંને ઉદ્યોગોએ લોક કલ્યાણ માટે સામેથી આગળ આવી ડેમ વિસ્તારમાં પોતાના ખાનગી કુવા અને અન્ય સ્ત્રોતમાંથી લોકો માટે પાણી આપવું જોઈએ. જો બંને કંપની આવું ન કરે તો તેવું કરવા બાબતે તંત્રએ ફરજ પાડવી જોઈએ તેવી માંગણી કરી છે.

પાલીકાએ પાણીની ખેંચ સર્જાય તો શું કરવુ તે અંગે બેઠક કરી

તો બીજી તરફ વેરાવળ-પાટણ નગરપાલીકાએ પણ હિરણ-ર ડેમમાંથી ઉદ્યોગોને પાણી આપવાનું બંધ કરાવવા બાબતે તંત્રને લેખિત-મૌખીક ધ્યાન દોર્યુ છે. જોડીયા શહેર માટે આગામી દિવસોમાં પીવાના પાણીની ગંભીર બનનાર પરિસ્થિતિને ધ્યાને લઈ પાલીકા પ્રમુખ પીયુષ ફોફંડી, ચીફ ઓફીસર જતીન મહેતાએ અધિકારીઓ સાથે બેઠક કરી પાણી મેળવવાના જુદા-જુદા વિકલ્પો બાબતે આગોતરા આયોજન કરવા અંગે ચર્ચા-વિચારણા કરી છે. જે મુજબ તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવાનું નકકી કરાયેલ હતુ.

**ડેમ તળીયા ઝાટક છતાં ઉદ્યોગોને પાણી આપવાનું ચાલુ**

અત્રે નોંધનીય છે કે, સોમનાથ પંથકમાં ચાલુ વર્ષે વરસાદ ઓછો વરસ્યો છે અને હજુ વરસાદ વરસે તેવા કોઈ એંધાણ વર્તાય રહયા નથી. ત્યારે ડેમ તળીયા ઝાટક થઈ ગયો હોવા છતાં તંત્ર દ્વારા પ્રજા તરફી વિચારવાના બદલે ઉદ્યોગોનું હિત વિચારતુ હોય તેમ ડેમમાંથી પંથકના રેયોન અને જીએચસીએલ ઉદ્યોગોને પાણી આપવાનું બંધ કરવાના બદલે ચાલુ રાખવામાં આવ્યુ છે. જેને લઈ લોકોમાં તંત્ર સામે આક્રોશ સાથે રોષ જન્મી રહયો છે. જો આગામી દિવસોમાં પ્રજાને પીવાના પાણી માટે વલખા મારવા પડશે તો તેના માટે જવાબદાર તંત્રનું બેજવાબદારભર્યુ વલણ જ નિમિત રહેશે તેવું લોકોમાં ચર્ચાય રહેલ છે.

# સી.એમ. ડેશબોર્ડમાં જૂનાગઢ જીલ્લાની કામગીરીમાં સુધારો, ૩૩ જીલ્લાઓમાં બીજા રેન્ક ઉપર આવ્યો

જૂનાગઢ, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા દરેક જિલ્લામાં નાગરિકોની સેવાઓ અને યોજનાકીય સિદ્ધીઓ તેમજ પેન્ડન્સી ઉપર દેખરેખ રાખી પ્રજા કલ્યાણના કામો ઝડપી થાય તે માટે મુખ્ય મંત્રીના સીધા દેખરેખ હેઠળ સી.એમ. ડેશબોર્ડ સુશાસન અને ઇ-ગવર્નન્સના ભાગરૂપે કાર્યરત છે. સી.એમ. ડેશબોર્ડ કામગીરીમાં જૂનાગઢ જિલ્લા વહિવટીતંત્રની કામગીરીમાં ઝડપી સુધારો થતાં ૩૩ જિલ્લામાં બીજા રેન્ક ઉપર જિલ્લાનું સ્થાન આવ્યું છે.

જૂનાગઢના કલેક્ટર રચિત રાજ દ્વારા જિલ્લામાં અરજીઓની પેન્ડન્સી ઝીરો થાય તેમજ ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાએ અરજીઓનો નિકાલ થાય તેમજ વિવિધ કચેરીઓની કામગીરીનું સંકલન થાય તે માટે વિશેષ પ્રયત્નો કરવામાં આવતા જિલ્લાના અધીકારીઓની ટીમ વર્કથી બે મહિનામાં કામગીરીમાં ઝડપી સુધારો આવ્યો છે.


સી.એમ. ડેશબોર્ડ ઉપર વિવિધ ૪૨ જેટલી સેવાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવતી હોય છે. જેમાં ડીજીટલ ગુજરાત અંતર્ગત ઓનલાઈન આવતી અરજીઓનો નિકાલ, વિવિધ સર્ટી કાઢવા, ૧૦૮ ની કામગીરીમાં ઝડપી રિસ્પોન્સ, ગૃહ વિભાગ લગત કામગીરી, રેશનકાર્ડ જેવી બાબતોનો સમાવેશ થાય છે.જિલ્લાની કામગીરી સુધારવા જિલ્લા વિકાસ અધિકારી સહીત જિલ્લાના તમામ કચેરીના અધિકારીઓના સહિયારા પ્રયાસોથી કામગીરીમાં સુધારો થયો છે.


# માંગરોળ તાલુકાનાં કારેજ ગામનાં સીમ વિસ્તારમાં પીજીવીસીએલનાં અધિકારીની ફરજમાં રૂકાવટ : ૪ સામે ફરીયાદ

જૂનાગઢ તા. ૧૯

માંગરોળ તાલુકાનાં શીલ પોલીસ સ્ટેશન વિસ્તારનાં કારેજ ગામનાં રાતડા સીમવાડી વિસ્તારમાં આ કામનાં આરોપી સાકરબેન ભરતભાઈ બાલસનાં ખેતરે આવેલ રહેણાંક મકાનમાં પીજીવીસીએલ કર્મચારીઓએ ચેકીંગ હાથ ધરતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયેલ હતા અને તેમની ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે પીજીવીસીએલનાં નાયબ ઈજનેર પ્રવિણભાઈ રતિલાલ દુલેરા (ઉ.વ.૪૧)એ જયોત્સનાબેન મગનભાઈ બાલસ, સાકરબેન ભરતભાઈ બાલસ, પરેશભાઈ ભીખાભાઈ બાલસ, મગનભાઈ વશરામભાઈ બાલસ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરીયાદી તથા તેમની કચેરીનાં સ્ટાફ દ્વારા માધવપુર ઘેડ પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા ગામડાઓમાં ખેતીવાડી ફીડરોમાં વિજ બાબતે ચેકીંગની કામગીરી કરવામાં આવી રહેલ ત્યારે કારેજ ગામનાં ભરતભાઈ વશરામભાઈ બાલસનાં રહેણાંક મકાનો મકાન માલીક દ્વારા ગેરકાદેસર વિજ જોડાણ કરી વિજ ચોરી કરતા હોય તે બહાર આવેલ. ચેકીંગ દરમ્યાન સરકારી ફરજ ઉપર રહેલા અધિકારીઓને આરોપીઓએ બિભત્સ શબ્દો કહી તેમજ માર મારી તેમજ એ.એ. ચોચાનું બાવડું પકડી ઉધ્ધતાઈભર્યુ વર્તન તેમજ દસ્તાવેજ ફાડી નાખી અને ફરજમાં રૂકાવટ કરી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવી છે.

# પવિત્રા એકાદશી નિમિત્તે ભવનાથ મહાદેવ મંદિર ખાતે પૂજનવિધીનો કાર્યક્રમ યોજાયો





(તસ્વીર : વિજય ત્રિવેદી)

જૂનાગઢ તા.૧૯

શ્રાવણ માસની પવિત્રા એકાદશી નિમિત્તે જૂનાગઢ ખાતેના સુપ્રસિદ્ધ શ્રી ભવનાથ મહાદેવ મંદિરમાં પૂ.મહંતશ્રી તથા રાષ્ટ્રીય અખાડા પરિષદના મહામંત્રી પૂજય શ્રી હરીગીરીજીએ જાતે પૂજાવિધિ કરાવી હતી. આ ધાર્મિક વિધિમાં ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુકત સંગઠન મહામંત્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રી અને કચ્છનાં સાંસદ વિનોદભાઈ ચાવડા, જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ, મહાનગર ભાજપના પ્રભારી ચંદ્રશેખરભાઈ દવે, મહાનગર અધ્યક્ષ પુનીતભાઈ શર્મા, મેયર ધીરૂભાઈ ગોહેલ, મહામંત્રીઓ શૈલેષભાઈ દવે, સંજયભાઈ મણવર સહિત સંગઠનના પદાધિકારીઓ તેમજ ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ વિગેરે જોડાયા હતા. ત્યારબાદ રોપ-વે દ્વારા શ્રી અંબાજી માતાજીના દર્શન કર્યા હતા.